Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेंद्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ कार्तिक आत्म सं. २६ | अंक ४ थो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
| --- | --- | --- | --- |
| ૧ નૂતન વર્ષ. ... ... ... | ૯૧ | ૬ વસ્તુપાલ વિરચિત નરનારાયણાનન્દ મહાકાવ્ય. ... ... | ૯૫ |
| ૨ વ્યભિચાર નિંદા. ... ... | ૯૨ | ૭ રાષ્ટ્રીય શાળાના અભ્યાસક્રમની રૂપરેખા. ... ... ... | ૧૦૧ |
| ૩ જૈન શ્રાવક ભાઇ બ્હેનોને અતિ અગત્યની સૂચના. ... ... | ૯૩ | ૮ શ્રાવકોની પ્રાચીન ઉન્નતિ. ... | ૧૦ |
| ૪ પરોપકારી સજ્જનોનો સુંદર સ્વભાવ.... ... ... ... | ૯૪ | ૯ પ્રકીર્ણ... ... ... ... | ૧૦ |
| ૫ ત્રણ પ્રકારના મિત્ર અને તેનો વિલક્ષણ સ્વભાવ. ... ... | ૯૪ | ૧૦ ગ્રંથાવલોકન. ... ... ... | ૧૧ |
| | | ૧૧ સ્વર્ગવાસ. ... ... ... | ૧૧૪ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા સુજ્ઞ ગ્રાહકોને નમ્ર સુચના.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિક અમારા કદરદાન ગ્રાહકોને નિયમિત મળે અને મોકલવાની વ્યવસ્થા સરલ થાય તે માટે દરેક ગ્રાહકોનો નંબર રજીષ્ટર (ચોકસ) કરવાનો છે,જેથી વિનંતિ કે કોઇપણ બંધુને ગ્રાહક તરીકે ન રહેવું હોય તો તેમણે પંદર દિવસની અંદર અમોને તે પ્રમાણે પત્રદ્વારા જણાવવું, જેથી તેમનું નામ કમી કરવામાં આવશે.બાર માસ સુધી માસિક સ્વીકારવા, અને ભેટની બુક લવાજમ માટે વી૦ પી૦ થી મોકલવામાં આવે ત્યારે તે પાછી વાળી જ્ઞાનખાતાને નુકશાન થવા દેવું તે યોગ્ય નથી; જેથી ગ્રાહક ન રહેવું હોય તો હાલ તુરત અમોને લખી જણાવવું.

કાગળ તથા છપાઇની સખ્ત મોંઘવારી છતાં લવાજમ ન વધારતાં, વીશ પચીશ ફારમ જેટલો મોટો ગ્રંથ ભેટ આપવામાં જે આવે છે, તે માત્ર નામના લવાજમના હિસાબમાં કાંઇ નથી અને લાભ વધારે છે જેથી વિશાળ વાંચન સાથે બાર માસના બાર અંકો અને ભેટનો આટલો મોટો ગ્રંથ તે આર્થિક દ્રષ્ટિએ પણ લાભ લેવા જેવું અને વધારામાં જ્ઞાનખાતાને ઉત્તેજન આપવા જેવું છે.

---

## મુનિ મહારાજાઓને નમ્ર વિનંતિ.

૧ જે જે મુનિ મહારાજા આ માસિક અમુક અમુક શ્રાવક મારફત લવાજમથી મંગાવે છે, તે તે મુનિ મહારાજા વિહાર કરી એક સ્થળેથી બીજે સ્થળે વિચરતા માસિક તે તે સ્થળે મોકલવા અમોને પત્રદ્વારા નહીં જણાવતાં હોવાથી, પ્રથમના સ્થળે માસિક મોકલતાં તે પાછા આવે છે તેમજ ગેરવલ્લે પડે છે અને બીજે સ્થળેથી મંગાવતાં ફરી મોકલવા પડે છે અથવા સીલીકે ન હોવાથી અમો મોકલી શકતાં નથી. જેથી તેઓએ કૃપા કરી વારંવાર જે સ્થળે તેઓ બીરાજતા હોય, ત્યાં મોકલવા માટે પત્રદ્વારા અમોને જણાવવા કૃપા કરવી, નહીં તો તે સિવાય ગેરવલ્લે જતાં હોવાથી કે નહીં પહોંચતાં હોવાથી હવે અમો મોકલી શકીશું નહીં. જેથી અમોને પ્રથમ ખબર આપવા કૃપા કરશે.

૨ જે જે મુનિ મહારાજાઓને ભેટ જાય છે—તેઓશ્રીએ પણ ઉપરની હકીકત ધ્યાનમાં લઇ અમોને લખી જણાવવા કૃપા કરવી. તે સિવાય ઉપર મુજબ નહીં પહોંચતા હોવાથી ફરી મોકલી શકીશું નહીં.

---

**જલદી મંગાવો. માત્ર થોડીજ નકલો સીલીકે છે. જલદી મંગાવો.**

## "શ્રીદેવભક્તિમાળા પ્રકરણ ગ્રંથ."

### ( જેમાં પાંચ પ્રકારની પરમાત્માની ભક્તિનો સમાવેશ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત ગ્રંથ જેમાં પરમાત્માની ભકિતનું સ્વરૂપ. ૧ પૂજા ભક્તિનો પ્રભાવ, ૨ આજ્ઞા ભક્તિ, ૩ દેવ દ્રવ્ય સંરક્ષણ ભક્તિ, ૪ મહોત્સવ ભક્તિ, ૫ તીર્થ યાત્રા ભક્તિ એ પાંચ પ્રકારની ભક્તિનું આગમ પ્રમાણે અને શાસ્ત્રીય દ્રષ્ટાંતો આપી શંકા સમાધાન સહિત યથાર્થ સ્વરૂપ આ ગ્રંથમાં લખવાનું આવ્યું છે. આ ગ્રંથના લેખક પંન્યાસજી દેવવિજયજી મહારાજ છે. ગ્રંથ ખરેખર મનનીય અને પ્રભુ ભકિત કરવા માટે એક ઉત્તમ સાધન અને આલંબનરૂપ છે; તેમજ પ્રાણીને મોક્ષ માર્ગે જવા માટે એક નાવ રૂપ છે. આ ગ્રંથ પ્રથમથી છેવટ સુધી વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. ઉંચા ઇંગ્લીસ કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી તે પ્રકટ કરવામાં આવ્યો છે. બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારથી સુશોભિત કરવામાં આવેલ છે. પચીશ ફારમ બશેંહ પાનાનો આ ગ્રંથ જેની કિંમત માત્ર રૂ. ૧-૦-૦ પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી બાકી છે. જોઇએ તેમણે આ સભાને શિરનામે લખી મંગાવવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्व-
विकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्,
तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थके-
ष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वा-
णामनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ कार्तिक. आत्म संवत् २६. [ अंक ४ थो.

ॐ

## ॥ नूतन् वर्ष ॥

### श्रीमान् मल्लि प्रभुनुं अद्भूत आश्चर्य.

( १ )

ચોવીશ જિનમાં હે ! પ્રભુ **મલ્લિ** તમે **મહાવીર** છો,
એ વીરતા **બ્રહ્મચર્યની** અવલોકતા દઢ **ધીર** છો;
**નારી** છતાં **નરશ્રેષ્ઠતા** તેં કેળવી નિજ **શૌર્ય**થી,
લયલિન નૂતન્ વર્ષમાં **ભ્રંગી** કમલસમ ધર્મથી.

( ૨ )

આશ્ચર્ય દસ અવસર્પિણીતા શાસ્ત્રમાં સંભલાય છે,
ત્હેમાં તમારૂં એક અતિશય હર્ષદાઇ જણાય છે;
**શ્રીમાન્ મલ્લિનાથ** તારો હાથ ઝાલી આ સમે,
ભવ વારિધિમાં એક **નિર્યામક** અમારે છો તમે.

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વ્યભિચાર નિંદા.

રચનાર—રા. રા. "ષડગુણ"

## હરિગીત.

ધન જાય કીર્તિ જાય છે વળી કુળ કલંકિત થાય છે,
બલ ક્ષીણ થાય અને વળી આયુષ્ય ઓછું થાય છે;
વિદ્યા અરે વિનયાદિ સર્વે ધૂળધાણી થાય છે,
વ્યભિચા ત્કૃષ્ટ માનવદેહ એળે જાય છે. ૧
પગલાં ન ઇચ્છે ઘેર કો 'ધિક્' સજ્જનો મુખથી કહે,
સતી જન તણી દૃષ્ટિ વિષે નિત્ય ઝેર તેના પર રહે;
વ્યભિચારીનું મૃત્યુ ઘણું કરી વગર મોતે થાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવદેહ એળે જાય છે. ૨
નિજનાર રૂપ ભંડાર પણ પરદારમાં આસક્ત જે,
તે સૂકર સમ ત્યજી અન્ન મીઠું દુષ્ટ વિષ્ટા ખાય છે;
તે ખ્વાર થાયે સર્વથા પણ ના હરામી છોડશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવદેહ એળે જાય છે. ૩
નિજ દાર મીઠું ફળ ત્યજી પરદાર વિષફળ ખાય છે,
દુઃખી થઇ અહિં તેહ અન્તે નરકમાંહિ જાય છે;
રોશે મુકીને પોક જ્યારે પ્રભુ પ્રશ્નો પૂછશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવદેહ એળે જાય છે. ૪
પરદાર છે અંગાર તેને રત્ન કિંમતી ના ગણો,
ઘર નાર પુષ્પની માળ તેને કાળ સર્પ નહિ ગણો;
પરદાર નરકનું દ્વાર તે આપદ્તણું આગાર છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવદેહ એળે જાય છે. ૫
વ્યભિચારી પુત્ર તણો પિતા અગ્નિ વિનાજ બળ્યા કરે,
તે પુત્રની માતા બિચારી લોકમાં શરમે મરે;
દુર્ભિક્ષ માંહિ લતા પઠે પત્ની સદા સુકાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવદેહ એળે જાય છે. ૬
સત્કર્મ કરવા ઇન્દ્રિઓ દૈવે દીધાં નરનારીને,
દુષ્કર્મ કરશે તે થકી તો ક્યમ દૈવ નહિ કોપશે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્કર્મ કરી સ્વર્ગે જશો તો સૌખ્ય પ્રભુ સહુ આપશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવદેહ એળે જાય છે. ૭

# જૈન શ્રાવક ભાઈ બ્હેનોને અતિ અગત્યની સૂચના.

( લે૦ સદ્ગુણાનુરાગી મુનિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

૧ જિન મંદિરમાં પ્રવેશ કરતાંજ જેમ સાવધાનતા રાખી દેવદર્શન વંદન પૂજા ભક્તિનો લાભ લેવામાં આવે તેમ સદ્ગુરૂ સમીપે દર્શન વંદન અર્થે કે સામાયિક પ્રતિક્રમણ કરવા નિમિત્તે કે વ્યાખ્યાનાદિક પ્રસંગે યથાર્થ લાભ લેવાના અર્થી જનોએ અવશ્ય સાવધાનતા રાખવી જોઇએ. મદ, વિષય, કષાય નિદ્રા અને વિકથાદિક પ્રમાદાચરણથી સદંતર દૂર રહેવું જોઇએ.

૨ શુદ્ધ દેવ ગુરૂ પ્રત્યે યથાવિધિ વિનય બહુ માન સાચવવા પૂરૂં લક્ષ રાખવું. કોઇ પ્રકારે અવિનય અબહુમાન થવા દેવાં નહીં. તેમને પુંઠ દેવી નહીં. શક્તિ ગોપવ્યા વગર તેમની આજ્ઞાનો આદર કરવો.

૩ દેવ ગુરૂનો યોગ્ય અવગ્રહ સાચવવા ભાઇ બ્હેનોએ ભૂલવું નહીં.

૪ સાતે પ્રકારની શુદ્ધિ સાચવવી. તેમના જેવા પવિત્ર થવા તેમને પ્રણામ કરવા અને અન્ય ભવ્યજનોને ઉક્ત શુદ્ધિ સાચવવા પ્રેરણા કરવી.

૫ હરેક કામ કરતાં જયણા ભૂલવી નહીં. વ્રત નિયમમાં પૂરા ટેકીલા થવું.

૬ જિન-ધર્મ વિનય મૂળ હોઇ, ખોટી હુંસાતુસી વડે વિનયને છોડવો નહીં.

૭ પ્રાણ જાય તોપણ ધર્મદ્રોહ કરવો નહીં. ધર્મને પ્રાણથી અધિક લેખવો.

૮ સહુને આત્મા સમાન લેખી સ્વાર્થ-વશ કોઇને કશી પ્રતિકૂળતા ઉપજાવવી નહીં.

૯ મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થ્ય ભાવનાને યથાર્થ સમજીને સેવવી.

૧૦ ગમે ત્યારે થયેલા વેર વિરોધ સમજીને શમાવી દેવા. ખમવું ને ખમાવવું. ખમે તે ખરો શૂરો. બાળકની જેવી સરલતાથી સાચા ખામણા કરી નિઃશલ્ય થાવું.

૧૧ ખોટો આડંબર રચવો નહીં. તેને પુષ્ટી આપવી નહીં. તેમજ કોર્ટે ચઢવું નહીં.

૧૨ ભારે સાદાઇ સાથે ભલમનસાઇ રાખવી. ઉડાઉ ખર્ચ કમી કરવાથી ઘણાં પાપાચરણથી બચી શકાશે. સ્વદેશ અને સ્વદેશીની અવગણના કરવી નહીં.

૧૩ પાપ કર્મ તજી બને તે સુકૃત કરણી કરવી, કરાવવી અને અનુમોદવી.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરોપકારી સજ્જનોનો સુંદર સ્વભાવ.

(લેખક–પવિત્ર શાસનરાગી અને સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ.)

મન, વચન અને કાયાને વિષે પૂજ્યરૂપ અમૃતથી પૂર્ણ છતાં ત્રિભુવનને અનેક પ્રકારના ઉપકારો વડે પ્રસન્ન કરતાં અને લેશ માત્ર અન્યના ગુણોને સૂક્ષ્મ દૃષ્ટિથી પર્વત તુલ્ય વિશાળ રૂપે દેખી દીલમાં ( સદાય ) પ્રસન્ન થતાં કઇક સજ્જનો જગતને પાવન કરે છે. વળી આંબાનાં વૃક્ષ જેમ ફળ બેસતી વખતે નીચા નમી પડે છે, અને વાદળાં જેમ નવા જળવડે ઘણાં નીચે નમે છે, તેમ સત્પુરૂષો સમૃદ્ધિ પામીને લગારે ઉદ્ધત થતા નથી. પરોપકારીનો એજ સ્વભાવ છે. ચંદનને જેમ જેમ ઘસવામાં આવે છે, તેમ તેમ મજાની સુગંધ આપે છે, અને સુવર્ણને જેમ જેમ તાવવામાં આવે છે, તેમ તેમ તેનો વાન વધતો જાય છે તેમ પ્રાણાન્ત કષ્ટ આવ્યે છતે પણ ઉત્તમ જનોની પ્રકૃતિનો વિકાર થવા પામતો નથી, એટલુંજ નહિ પણ તેમની પ્રકૃતિ તેવે કષ્ટ પ્રસંગે અધિકાધિક નિર્મળ થતી જાય છે. જો કદાચ સૂર્ય પશ્ચિમ દિશામાં ઉદય પામે, મેરૂ પર્વત ચલાયમાન થાય, અગ્નિ શીતળ થઇ જાય, અને પર્વતના અગ્રભાગે શિલા ઉપર કદાચ પદ્મ ( કમળ ) ઉગે તોપણ સજ્જન પુરૂષોનું ભાષિત અન્યથા ન થાય અર્થાત્ તેમનું બોલ્યું પાછું ફરે નહિ. સજ્જન પુરૂષો કદાપિ પણ પારકાં દૂષણ કથે નહિ, તેમજ આત્મપ્રશંસા પણ કરે નહિ. દુર્જનોમાંથી પણ સજ્જનો તો ગુણજ ગ્રહે છે. તેઓ સદાય ગુણ-ગ્રાહી, સમુદ્ર જેવા ગંભીર પેટના, ચંદની જેવા શીતળ સ્વભાવી–પાપ તાપને સમાવનારા હોય છે. સહુને આત્મ સમાન લેખે છે, અમૃત જેવી મીઠી વાણી વદે છે, સમતા રસમાં ઝીલતા હોય છે, અને સમાગમમાં આવનારને પણ પાવન કરે છે.

ઇતિશમ્.

# ત્રણ પ્રકારના મિત્ર અને તેનો વિલક્ષણ સ્વભાવ.

( સદ્ ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ )

" नित्य मित्र समो देहः स्वजनाः पर्व सन्निभाः
जूहार मित्र समो ज्ञेयो धर्मः परम बान्धवः—"

દેહ નિત્ય મિત્ર સમો, સ્વજનો પર્વ મિત્ર સમા અને પરમ બંધુરૂપ ધર્મ જૂહાર મિત્ર સમો પોતપોતાના વિલક્ષણ ગુણ વડે વિખ્યાત છે. નિત્ય મિત્ર સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહની સેવા ચાકરી ગમે તેવાં પાપ-કષ્ટ વેઠીને કરવામાં આવે, તેની રક્ષા અને પુષ્ટિ માટે ગમે તેવા ઉપાય લેવામાં આવે તોપણ સડણ પડન વિધ્વંસન રૂપ સ્વસ્વભાવને તજતો નથી. પોતાના સંબંધથી પવિત્ર વસ્તુને પણ અપવિત્ર કરી નાંખે છે, તેમ છતાં મુગ્ધજનો મોહ-મમતા વશ તેની ખાતર કરવાના કામ કરે છે, અને જન્મ, જરા, મરણ સંબંધી અનંતા દુઃખને સહ્યાં કરે છે. પર્વમિત્ર સમા સ્વજનો કવચિત પર્વાદિ પ્રસંગે સ્વાર્થવશ ભેગા થાય છે અને સ્વાર્થ સાધી ચાલ્યા જાય છે. જ્યારે મરણાદિક મહા વિપત્તિ આવી પડે છે, ત્યારે નિત્ય મિત્ર સમો દેહ તેમજ પર્વ મિત્ર સમાન સ્વજનો કોઇ બેલી થતાં નથી. તેવે વખતે દેહ દુર્જનની જેમ અવળું મુખ કરી બેસે છે અને પર્વમિત્ર રૂપ સ્વજનો પણ ટગર ટગર જોયાં કરે છે. મરણાદિક મહા-કષ્ટમાંથી કોઇ છોડવી શકતું નથી. તેવા પ્રસંગે આડી ઢાલ ધરનાર આ ફક્ત જુહાર મિત્ર સમાન ધર્મજ છે. ગમે તેવે પ્રસંગે સદ્‌ભાવથી ભેટેલો આ ધર્મ મિત્રની ભીડ ભાંગે છે. તેના ઉપર ઉપદેશ માળા ગ્રંથમાં જિતશત્રુ રાજા અને તેના પ્રધાનનું સૂચિત દ્રષ્ટાન્ત ખાસ મનન કરવા યોગ્ય છે. પૂર્વના બંને મિત્રોને ગમે તેટલાં પાળ્યાં પોષ્યાં છતાં તે વિમુખતા દાખવે છે, ત્યારે ધર્મ મિત્ર એકજ વખત ભેટયાં છતાં દાલિદ્ર હરે છે તો પછી તેનામાં સ્વાર્પણ કરવાનું તો કહેવુંજ શું ? ઇતિશમ્.

# " વસ્તુપાલ વિરચિત નરનારાયણાનન્દ મહાકાવ્ય. "

શ્રીમન્ત નરેશ નામવર સયાજીરાવ ગાયકવાડ તરફથી, કેટલાક સમયથી " ગાયકવાડ ઓરીયન્ટલ સીરીઝ " નામે પુસ્તકમાલા શરૂ કરવામાં આવેલ છે. અને તદનુસાર ઉક્ત સીરીઝમાં, ઉક્ત મહાકાવ્ય બીજા પુષ્પ તરીકે પ્રસિદ્ધ પામેલ છે; જેને પ્રસિદ્ધ પામે આજે પાંચ વરસ પૂર્ણ થયાં છે. અને જેની વિદ્વતાપૂર્ણ પ્રસ્તાવના, અને ચાર પરિશિષ્ટથી ત્હેની કીર્તિ અપૂર્વ વૃદ્ધિ પામેલ છે. આ કાવ્યની સમાલોચના રા. રા. મોહનલાલ દેશાઇએ કંઇક સંક્ષિપ્તમાંજ " સરસ્વતી " માસીકની સમાલોચના ઉપરથી ભાષાંતરથી છપાવેલ. પરંતુ ત્હેની પ્રસ્તાવના ઉપરથી પુનઃ કંઇક છપાય તો તે કાવ્ય ઉપર નવીન પ્રકાશ પડશે એમ ધારી પ્રસ્તુત લેખ લખવા પ્રેરાયો છું.

નરનારાયણાનન્દ મહાકાવ્ય-યોજક મહાન ધુરંધર મંત્રી વસ્તુપાળ છે. જેણે અપૂર્વ સ્વપરાક્રમ અને રાજ્ય-કારભારમાં ચાણાક્ય બુદ્ધિથી ધોલકા ( ગુજરાત ) ના રાણા વીરધવલની રાજ્યસત્તા મજબુત બનાવી; અને અનેક રીતે તેમાં વૃદ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી હતી. અને ત્હેની વિદ્વતા, સત્તા, અને શક્તિ કેવાં હતાં તે, ત્હેનાં અપુર્વ પરોપકારી સાર્વજનિક કાર્યોથી અને આબુ પર્વત ઉપર બંધાવેલ અપુર્વ દેવાલયો નિહાળતા આપણને ભાન થાય છે. અને તે દરેક સંપ્રદાયના પક્ષમાં સહાનુભૂતિ દર્શાવતો, અને પ્રજાનાં હૃદય આકર્ષવાને તે કેટલો આતુર હતો, તે ત્હેણે મુસલ્મિન માટે બંધાવેલી મસીદો નિહાળતાં આપણને ખ્યાલ થશે. ( ત્હેના કૃત્યની નોંધ મૂળ પ્રસ્તાવનાની ફુટનોટ નિહાળવાથી સમજાશે ) અને ત્હેના કીર્તિ લેખો, પરાક્રમ લેખો, અને પરોપકારી કૃત્યો અને સાર્વજનિક ઉપયોગીતા વગેરે કાર્યો ઉપરથી આપણને બરાબર સત્ય જણાય છે, તેમજ અનેકવિધ પ્રશસ્તિઓ, તેમજ બસોથી અઢીસો શીલાલેખો, ચતુર્વિંશતિપ્રબંધ અને પ્રબંધચિંતામણી અન્તર્ગત પ્રબંધો સોમેશ્વરકૃત " કીર્તિકૌમુદી " કવિ અસિસિંહ વિરચિત " સુકૃત સંકીર્તન " કાવ્યમાંના તેના કીર્તિસ્તવનો બાલચંદ્ર કવિને આચાર્યપદ પર નિયુક્ત કરવામાં આવ્યા, ત્યારે વસ્તુપાળે ઉત્કૃષ્ટ મહોત્સવ કરી સંતોષ પમાડેલ, અને વસ્તુપાલના અવસાન પછી વસ્તુપાલના પુત્ર જૈત્રસિંહની અભિલાષાના અંગે મહાન કવિ બાલચંદ્રે " વસંત વિલાસ " નામનું મહાન્ કાવ્ય રચી તેની કીર્તિ અમર કરી છે. અને મુનિ શ્રી જીનહર્ષે અનેક મૂલ્યવાન બાબતો એકત્ર કરી વસ્તુપાલ ચરિત્ર રચેલ છે. ઉક્ત જણાવેલ સાહિત્ય એકત્ર કરવાથી તેના જીવન ઉપર કંઇ ઓર પ્રકાશ ઝળહળી નીકળે છે. વસ્તુપાલનું જીવન ચાર પ્રકારે આપણને જણાશે (૧) પ્રધાન તરીકે (૨) યોદ્ધા તરીકે (૩) પરદુઃખભંજન તરીકે અને સાર્વજનિક મકાનો અને દેવાલયો બંધાવનાર તરીકે (૪) કવિઓનો આશ્રય દાતા અને પોતે જાતે કવિ. એમ ભિન્ન ભિન્ન ચાર પ્રકારે તેનું જીવન ઝળહળે છે. પહેલાથી ત્રીજા પ્રકાર સુધીનું વિવેચન ' હમ્મીરમદમર્દન ' અને ' વસંત વિલાસ ' ની પ્રસ્તાવનામાં કરેલ છે. અત્રે ચોથા પ્રકાર વિષે વિવેચન લખીશ.

વસ્તુપાળનું અમરનામ વસન્તપાલ કર્તાનો વસ્તુપાલને ઠેકાણે "વસંતપાલ" એ રીતે દરેક સર્ગ પુર્ણ થયા પછી લખે છે કે " इति श्री गुर्जरेश्वर महामात्यश्र वसन्तपाल विरचिते नरनारायणानन्द नाम्नि महाकाव्ये " અમુક વર્ણને અમુક સર્ગ એ રીતે આપેલ છે. ગ્રંથકર્તા પોતે જાતે સર્ગ ૧૬ ના ૩૮ મા શ્લોકમાં જણાવે છે કે આ નામ " વિદ્વાન કવિઓ હરિહર અને સોમેશ્વર તરફથી અદ્વિતિય નામ રચવામાં આવેલ હતું અને તે નામ ઉપરથી કવિ બાલચંદ્રે " વસંતવિલાસ " નામનું કાવ્ય રચેલ છે.

આ મહાકાવ્યમાં ૧૬ સર્ગ છે, તેમાં કૃષ્ણ અને અરજુનની મિત્રતા, બન્નેનો ગિરનાર પર્વત ઉપર આનંદમાં વિહાર કરવો અને અર્જુન દ્વારા સુભદ્રાનું કૃષ્ણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરણ કરવું, કાવ્યના નાયકો વિષે આટલો અલ્પ વિષય ચર્ચવામાં આવેલ છે. પરંતુ મહાકાવ્યના લક્ષણાનુસાર સંપૂર્ણપણે અન્ય વિસ્તૃત ભાગો રચવામાં આવેલ છે. શહેર, રૈયત, રાજા અને હેની કોર્ટ, સૂર્યોદય, ચંદ્રોદય અને પુષ્પાવચ્ય વગેરેનું આલ્હાદિક વર્ણન આલેખેલ છે. અને વાંચક વાંચતાં વિચારશે તો જણાશે કે મહાન્ કવિ માઘકૃત શીશુપાળવધના નમુનાનુસાર જણાશે. આ કાવ્ય જોતાં જણાશે કે સર્ગ ૭ માના છેલ્લા સર્ગ સુધીમાં કાવ્ય સૃષ્ટિમાં જહલાનની "સુક્ત મુક્તાવલી" ના શ્લોકોનો પોતે ઉપયોગ કરેલો છે. અને બાલભરતના લેખક પંડિત અમરચંદ્રે "કવિકલ્પલતા" માં અનેક શ્લોકો દાખલ કરી વખાણ કરેલ છે, "અલંકાર મહોદધિ" ના કર્તા નરેન્દ્ર પ્રભસૂરિ કહે છે કે 'કવિવ્યાસની ભાષાને બરાબર રીતે મળતી આવતી હૃદયભેદક ભાષા કવિ વસ્તુપાળના કાવ્ય કૌશલ્યમાં દીપી નીકળે છે અને પ્રસ્તુત વસ્તુસંકળના મહાભારતમાંથી લેવામાં આવેલ છે. તેને અનુસરીને આટલો ઇસારો કરેલો છે. આ મહાકાવ્યની રચના સંવત ૧૨૭૭ થી ૧૨૮૭ માં કેટલાક અનુમાનોથી મૂકાય છે.

**જ્ઞાન દ્રષ્ટિએ વસ્તુપાળ.**

વસ્તુપાળ પોતેજ વિદ્વાન્ કવિ હતો. તેનામાં ટીકાકારની, કાવ્યના ગુણદોષ પારખવાની શક્તિવાળો અને બીજાઓના કાવ્યોની ભુલો શોધી કાઢી શકતો હતો. અને સદા તે સુંદર કાવ્ય–કલાની પ્રશંસા કરતો; અને હેને વખાણતો અને કવિ હરિહરને સોમેશ્વરની ઇર્ષ્યા શિરે ઝઝુમતી છતાં ધોળકાની રાજ્યસભામાં આદર સત્કાર પામ્યો, તે વસ્તુપાલને લીધેજ. તેણે અઢાર કરોડ રૂપિયાના મોટા ખરચે મહાન ત્રણ પુસ્તકાલયો ( ભંડારો ) બંધાવ્યાં હતાં, અને હરીહરની 'નૈષધીય' નામની પ્રત તેણે જે ચતુરાઇ કરી ઉતારી લીધી અને હેને પોતાના પુસ્તકાલયમાં રાખી–તે વિષે જે વાર્તા મળે છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે હેને પ્રતોનો સંગ્રહ કરવાનો શોખ હતો; વળી એટલું પણ દેખાડી આપે છે કે હેના જ્ઞાનમંદિરમાં મુખ્ય સઘળાં ગ્રંથો હતા. 'કાવ્ય પ્રકાશ સંકેત' ના કર્તા **શ્રી** માણિકયચંદ્રને તેના પોતાના પુસ્તકાલયમાંથી સઘળા ધાર્મિક ગ્રંથોની પ્રતો આપી દેવાની આજ્ઞા થઇ હતી. તે કાવ્યદેવીની ખુબી જાણી શકતો એટલુંજ નહિ પણ તે ધાર્મિક અને બીજા ગ્રંથો બાબતે પોતાને જ્ઞાન મળે તે માટે લખવા વિનંતિ પણ કરતો, અને આવીજ રીતે વિનંતિથી પંદર તરંગોમાં "કથા રત્નસાગર ( નારચંદ્રસૂરિની ) અને આઠ પ્રકરણમાં તેના શિષ્ય નરેન્દ્ર પ્રભની અલંકાર મહોદધિ" રચવામાં આવેલ હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બીજા કાવ્યમાં વસ્તુપાળ.**

વસ્તુપાળ માટે જહાલણે પોતાની સુક્ત સુક્તાવલીમાં ત્રણ કડીઓ ઉતારેલી છે. આ કાવ્યમાં પહેલા સર્ગની સાતમી કડી (यत्रोन्मुखम् ) તે, તે ત્રણમાંની એક છે, અને બીજી બે કડીઓ–ગાથાની–ખબર પડી નથી. અને ' સારંગધર પદ્ધતિ ' પણ વસ્તુપાલ માટે એક શ્લોક ઉધૃત કરે છે. આ વિના સોમેશ્વરના ' ઉલ્લાસ રાઘવ ' માંથી જણાય છે કે વસ્તુપાલને સુક્તિઓ રચવાનો શોખ હતો. અને પ્રબંધ ચિંતામણી, ચતુર્વિંશતિ પ્રબંધ, અને વસ્તુપાલ ચરિત્ર ( સૂરિજીન હર્ષકૃત ) એ ત્રણમાં આવેલ સૂક્તિઓ એકત્ર કરી " પરિશિષ્ટ ત્રીજા " માં આપેલ છે. અને તે ઉપરથી એમ જણાય છે કે વસ્તુપાલની કવિ તરીકેની ખ્યાતિ ફક્ત ગુજરાતમાંજ નહિ પણ ચારે દિશાએ પ્રસરવા પામી હતી; તે એટલી હદ સુધી કે વસ્તુપાલની કડીઓએ, ' સુક્ત સુ. ' અને ' સારંગધર પ. ' ના કર્તાઓનું પોતાની કડીઓ સાથે ઉમેરો કરવાનું ધ્યાન ખેંચ્યું હતું.

**કવિ તરીકે વસ્તુપાલ.**

વસ્તુપાલની કવિ તરીકેની ખ્યાતિ સંબંધી સૂચના શોધી કાઢવી મુશ્કેલ નથી અને પોતેજ પોતાને સરસ્વતિના પુત્ર તરીકે આ કાવ્યમાં જણાવે છે. ગીરનાર પર્વત ઉપરના દેરાસરની એક પ્રશસ્તિમાં–' કાવ્યદેવી ' ના પુત્ર તરીકે હજી પણ ઓળખાય છે. ' કવિકુંજર ' કવિચક્રવર્તિ અને એવાં અન્ય બિરૂદોથી વિભૂષિત હતો. આબુની પ્રશસ્તિમાં સોમેશ્વરે તેને " શ્રેષ્ટ કવિ " તરીકે વર્ણવેલો છે. અને તે ઉપરાંત જણાવે છે કે તેનાં ( વસ્તુપાલનાં ) કાવ્યો પોતાનાંજ લખેલાં હતાં ( નહિકે કોઇના ઉતારા ) જણાવે છે કે,

> **विरचयति वस्तुपाल श्चुलुकयसचिवेषु कविषुच प्रवरः**
> **न कदाचिदर्थहरणं श्र करणे काव्य करणे वा ॥ १ ॥**

અને અલંકાર મહોદધીના કર્તા જણાવે છે કે, કાવ્યશાસ્ત્રની સુંદર રચના માટેનું માન વસ્તુપાલને છે. આ સિવાય પ્રબંધચિંતામણીકાર શ્રી મેરૂતુંગ આચાર્ય જણાવેછે કે "મહાકવિ" એવું બિરૂદ વસ્તુપાલને આપેલ હતું અને કહે છે કે આપણો કવિ થોડીક સૂક્તિઓ લખે છે જે દ્વારા કહે છે કે તે સૂક્તિઓ મહાકવિ વસ્તુપાલની બનાવેલી છે. લખ્યું છે કે,

> **इत्यादीनि श्री वस्तुपालमहाकवेः स्वयंकृतान्यमूनि ।**

પ્રબંધચિંતામણી પા૦ ૨૬૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કવિઓના આશ્રય-દાતા—વસ્તુપાલ.** ત્હેની કવિઓ તરફ દાન–વીરતા એટલી બધી પ્રખ્યાત હતી કે ત્હેને લઘુભોજરાજ કહેવામાં આવતા. આ વિષે આપણને પરિશિષ્ટ ત્રીજામાં આપેલા પ્રબંધો ત્હેની કવિઓ તરફની ઉદારતા સ્પષ્ટ કરી આપે છે. તે સોમેશ્વર, હરિહર, અરિસિંહનો આશ્રયદાતા હતો; અને દામોદર, નાનક, જયદેવ, મદન, વિકળ, કૃષ્ણસિંહ, શંકરસ્વામી, અને તે સિવાય ભાટ, ચારણો અને અન્ય કવિઓને તેણે ધનવાન બનાવ્યા હતા. સોમેશ્વરને શાસન ફક્ત કવિતાઓ માટેજ મળતું એટલુંજ નહિ પણ વારંવાર અનેક પ્રસંગે મ્હોટાં પારિતોષિકો આપવામાં આવતાં અને ત્હેના બદલામાં સોમેશ્વરે પોતાના આશ્રયદાતાની પ્રશંસાની ખાતર " કીર્તિકૌમુદી " નામનું કાવ્ય રચ્યું અને અન્ય અનેક લખાણોથી વસ્તુપાલનું નામ અમર કર્યું છે. કવિ હરિહરે કોઇપણ ગ્રંથ લખ્યો નથી એમ જણાય છે, પરંતુ કવિ અરિસિંહે પોતાના ધણીના સદ્કાર્યની પ્રશંસામાં " સુકૃત સંકીર્તન " નામનું કાવ્ય રચ્યું છે. આ સિવાય ત્હેના પરાક્રમ માટે "હમ્મીર મદ મર્દન કાવ્ય " અને "ઉદયપ્રભ કૃત ધર્માભ્યુદય" કાવ્ય લખાયેલાં પ્રાપ્ત થાય છે. આ સિવાય અન્ય કવિઓએ શું લખ્યું તે કંઇ પણ હસ્તગોચર થયું નથી. ઉક્ત લખેલ બાબત–એ કાવ્યની પ્રસ્તાવનામાં લખેલ છે. પરંતુ કવિની કાવ્યચાતુરી કેટલી પ્રમાણમાં હતી, તેમ ત્હેનો કાવ્ય ઉપર કેવો કાબુ હતો તે નીચેના શ્લોક ઉપરથી જણાશે.

> पीयूषादपि पेशलाः शशधर ज्योत्स्ना कलापादपि,
> स्वच्छा नूतनचूतमंजरिभराद्प्युल्लसत्सौरभाः ।
> वाग्देवी मुखशामसूक्त विशदोद्गारादपि प्रांजलाः
> केषां न प्रथयान्ति चेतसि मुदं श्री वस्तुपालोक्तयः ॥

અર્થાત્ અમૃતથી પણ અધિક મીઠાશવાલી, ચંદ્રમાની કલાઓથી પણ અત્યુજ્જવલ, નતન આમ્ર મંજરીની સુગંધીથી પણ અધિક સુવાસિત અને સરસ્વતીના મુખથી સરતા સામ–ગાન અધિક મનોરમ વસ્તુપાળની ઉકિતઓ કોના હૃદયને પ્રમોદથી મસ્ત ન કરી દે ?

એક અન્ય કવિકૃત ઉકત શ્લોક આ કાવ્ય સાથે કેટલો લાગુ પડે છે તે ઉકત કાવ્ય વાંચવાથીજ ખ્યાલમાં આવી શકે તેમ છે. આ કાવ્યમાં કિલષ્ટ અને આડંબરી શબ્દોનું ભંડોળ નહિં જેવુંજ ઉપલબ્ધ થાય છે. ત્હેની કવિતામાં લાલિત્યપદે પદે દ્રષ્ટિગોચર થાય છે, તેમ ત્હેની કવિતા શૃંગાર રસથી રચેલી હોવા છતાં વાચક સરળ રીતે આનંદ પ્રાપ્ત કરી શકે તેવી સરળ છે અને તેથી વાચક અખંડિત રસપ્રવાહમાં તણાતો કાવ્ય વાંચન સંપૂર્ણ કરે ત્યારેજ શાંતિ અનુભવે છે. ભલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્હેના કાવ્યમાં વસ્તુ સંકલના અલ્પ હોવા છતાં, કુદરતી રચનાનું વર્ણન એટલું બધું અસરકારક રીતે ચિત્રેલું છે કે વાચક વિના પ્રયાસે વાંચન ચાલુ રાખે છે અને સાધારણ સંસ્કૃત જાણનાર પણ અતુલાનંદ પ્રાપ્ત કરી શકે છે. ચોથા સર્ગમાં રૂતુનું વર્ણન કરતાં પવનને ઉદ્દેશીને જણાવે છે કે,

मलयानिलैर्विरहिणां, च वधु सहचारिणां च पृथगेव ददे
ध्रुव मुष्णता च हिमताच फणिश्वसितोद्भवा मलय जालयजा ॥ १० ॥

આ પ્રમાણે સરલ, કર્ણપ્રિય, શબ્દલાલિત્ય, મનોજ્ઞતા હૃદયપટને વિકસ્વર કરે તેવાં કાવ્યોથી આ કાવ્ય પરિપૂર્ણ છે. આગળ ચાલતા સુભદ્રા દર્શન વર્ણન કર્યા પછી "દુતિકાદ્યોતન" સર્ગ વાંચતાં ગમે તેવો ધીર પુરૂષ પણ ગળગળો થઇ જાય છે, તેવું ઉત્કૃષ્ટપણે તેમાં કરણુરસનું વર્ણન કરેલ છે. સુભદ્રા હરણ કર્યા પછી બળભદ્ર સાથે યુદ્ધારંભ સમયે કૃષ્ણ દ્વારા બળભદ્રને જે વાકયોપદેશ કરાયો છે તે પણ વિચારણીય છે.

कोवा कोपोऽर्जुने तस्मिन्सा स्वयं रागिणी ययौ
स्वसुः कथाप्यसौ लज्जाकृते कोपस्य कः क्रमः ॥

આ પ્રમાણે પરસ્પર પ્રેમ સંબંધનું દિગ્દર્શન કરાવ્યા પછી કહે છે કે—

कन्या कस्यापि देयैव हीनः केन गुणेन सः
कुन्तीकुक्षिसरो हंसः कुरुवंशशिरोमणिः ॥ १ ॥
हरः पर इवैश्वर्ये शास्त्रे गुरुरिवापरः
स्मरोऽन्य इव सौन्दर्ये किन्तु स एव सः ॥ २ ॥

આ પ્રમાણે અર્જુન ઉત્કૃષ્ટ ગુણાલંકૃત અને કુરૂવંશ શિરોમણી છે. એ સમજાવી યુદ્ધ માંડી વાળવાને સમજાવે છે અને સખાકૃત્ય સંપૂર્ણપણે બજાવે છે. પરંતુ તેમ સમાધાન થતું નથી. ત્યારપછી યુદ્ધવર્ણન ભિન્નભિન્ન પ્રકારના શ્લોકોથી અત્યુત્કૃષ્ટપણે કરવામાં આવેલ છે. કાવ્યરસિકોને આ સર્ગ વાંચતાં અનેકશઃ આનંદપ્રદ નિવડે છે, ત્યારપછી વિવાહવર્ણન છે. ત્યારપછી અંતિમસર્ગ કવિએ પોતાના વંશની પ્રશસ્તિ આપી છે, જે વાંચકોને અર્થાત્ જૈન અને જૈનેતર કોઇ અજ્ઞાત નહિ હોવાથી અત્રે તેનું વિવેચન નહિ કરતાં વિરમું છું, પ્રાન્તે જણાવે છે કે—

उद्भा स्वद्विश्वविद्यालय मय मनसः को विदेन्द्रा वितन्द्रा
मंत्री वद्धाञ्जलिर्वो विनयनतशिरा याचते वस्तुपालः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अल्प प्रज्ञाप्रबोधादपि सपदि मया कल्पितेऽस्मिन्प्रबन्धे
भूयो भूयोऽपि यूयं जनयत नयनक्षेपतो दोषमोषम् ॥

આ પ્રમાણે વિદ્વાનોને જણાવે છે કે આ કાવ્યની રચના શીઘ્ર ગતિથી કરેલ છે, માટે સુધારી વાંચવા વિનંતિ અતિ નમ્રતાથી કરે છે. આ પ્રમાણે ટુંકામાં કાવ્યની સમાલોચના કરવામાં આવેલ છે, પરંતુ ત્હેની ખરી રસિકતા તો વાચક સ્વયં વાંચવા પ્રયત્ન કરશે ત્યારેજ પ્રાપ્ત કરશે. આ સિવાય પરિશિષ્ટમાં ત્હેની અમૂલ્ય સૂકિત સંગ્રહ કરવામાં આવેલ છે. તે વાંચકને અતિ આનંદપ્રદ નિવડે તેમ છે. વળી કવિ વિષે કોઇ અન્ય સમયે વિસ્તારે કહેવા આકાંક્ષા છે તો સમય મલે વાચકની સેવામાં હાજર થઇશ.

છોટાલાલ મગનલાલ.
( ઝુલાસણ )

# રાષ્ટ્રીય શાળાના અભ્યાસક્રમની રૂપરેખા.

## પ્રાથમિક શાળા માટે

( યોજક—મનસુખલાલ કિરતચંદ મેહતા—મોરબી. )

(૧)

હિંદની વર્ત્તમાન કેળવણીનો અભ્યાસ ક્રમ બહુ લાંબો, ખરચાળ અને કેટલોક તદ્દન નિરૂપયોગી છે. એથી વિદ્યાર્થીઓનાં કેટલાંક અમૂલ્ય વરસો બરબાદ જાય છે. અને ઉગતી વયમાંજ તન, મન, ધનનાં હીર લુંટાઇ જાય છે; અને પરિણામે જીવનના સાર્થક્ય માટે ઉપયોગી જે વ્યવહારદક્ષતા અને ઉત્સાહ તેથી વિદ્યાર્થીઓ બહુ હીન થઇ જાય છે. સ્વ૦ ન્યાયમૂર્ત્તિ રાનાડે આદિનો લાંબા વખત થયાં આ પોકાર હતો; અને એ વિષયમાં રસ લેનારાઓનો હજી પણ એ પોકાર છે. આ સ્થિતિ સુધારવા કેળવણીનો સમગ્ર ક્રમ ઉલટાવી નાંખવાની અને નવો ક્રમ રચી ચાલુ અને નવી શાળામાં એ ઉપયોગમાં આણવાની જરૂર છે.

એ હેતુ સાધવા પ્રાથમિક શાળા માટે આવશ્યક અભ્યાસની રૂપરેખા યથામતિ નિચે દોરી છે. એમાં સુધારા-વધારાનો અવકાશ છે. પણ વ્યવહાર જીવન માટે ઉપયોગી અને પરમાર્થ જીવનનાં બીજભૂત તથા ઉચ્ચતર કેળવણી માટે યોગ્યતા આપનાર સમગ્ર વિષયો એમાં સમાઇ જાય છે.

આ ક્રમ આઠ વરસનો છે. એટલે કે સાતમા વરસની વયથી વિદ્યાર્થી શાળામાં દાખલ થાય અને ચૌદમા વરસ સુધી એટલે આઠ વરસ તેનો લાભ લે તો વ્યવહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનને ઉપયોગી આવશ્યક જ્ઞાન હાસલ કરી તથા પરમાર્થબીજ હૃદયમાં રોપી શાળામાંથી સારી રીતે ઉત્તીર્ણ થાય. ઉચ્ચતર કેળવણી માટે અથવા ધંધાર્થ (આરોગ્ય, વૈદક, ઈજનેરી, શિલ્પ, કૃષિ, વાણિજ્ય, પદાર્થ વિજ્ઞાન, યાંત્રિક, વિજળી, ન્યાય, તત્ત્વજ્ઞાન, સાહિત્ય આદિની) કેળવણી માટે પછી યથેચ્છ પ્રવેશ પામી શકે. એ બધી ઉચ્ચતર અને ધંધાર્થ કેળવણી માતૃભાષામાં અને ત્રણ વરસમાં પુરી કરી શકાય. એ ક્રમ બરોબર જળવાય તો હાલ ૨૪-૨૫ વરસની વયે જુદી જુદી લાઇનના 'ગ્રેજ્યુએટ' થાય છે, તેના જેવો બલકે તેથી સારો 'ગ્રેજ્યુએટ' આ ક્રમને અનુસરનાર વિદ્યાર્થી ૧૭ મા વરસે થઇ શકે, અને ઘણાં અમૂલ્ય વરસો, જીંદગીનો અમૂલ્ય ભાગ, અને તન-મન-ધનનાં હીરની લુંટ બચે. આ કલ્પના નથી; Utopia નથી; વ્યવહારૂ છે. અગ્રેસરોએ વિચારી હાથ ધરવું જોઇએ.

આ રૂપરેખા આ વિષયમાં રસ લેનારા સુજ્ઞજનોની સંમતી પામે, તો પછી વર્ગ તથા વર્ષની ગણત્રીએ તે બધો અભ્યાસ પૂર્ણ થઇ શકે એવો ક્રમ યોજી શકાશે. તે માટે ઉપયોગી પાઠ્ય પુસ્તકો સૂચવી શકાશે; તથા નવાં યોજી શકાશે. લક્ષમાં રાખવાનું છે, કે આવાં પાઠ્ય પુસ્તકાદિ કરતાં વિશેષ જરૂર સહૃદય, સચ્ચારિત્રવાન અધ્યાપકોની છે.

## રૂપરેખા.

### (બાહ્ય)

(૧) શ્રીમંત-નિર્ધનનો ભેદ રાખ્યા વિના દરેક વિદ્યાર્થી અમુક નક્કી કરેલ સામાન્ય સ્થિતિનાને પરવડી શકે એવાં જરૂર પુરતાં ખાદીનાં એક સરખાં (Uni form dress) વસ્ત્રનું પરિધાન કરે.

(૨) દરેક વિદ્યાર્થી અમુક પ્રકારનાં નક્કી કરેલ ખભે રાખી શકાય એવાં પટાવાળું ખાદીનું મજબુત દફતર, તેમાં જરૂર પુરતાં શિખવાનાં સાધનો, બેસવા માટે આશન અને જમીન સાફ કરવા પુંજણી રાખે.

(૩) શાળા હમેશ શરૂ થાય તે પહેલાં અરધા કલાકમાં નિચેનાં કામો વિદ્યાર્થીઓમાંથી વારાફરતી શ્રીમંત-નિર્ધનનો ભેદ રાખ્યા વિના નક્કી કરેલી ટુકડીએ નિયમિત કરવાં.

શાળા ઉઘાડવી, તેને વાળવી-ઝાડવી, પાણી લાવવું-ગળવું, ઝાડ હોય તો તેને પાણી સિંચવું, તથા શાળાને જરૂરનું હમેશનું બીજું કામ કરવું.

વળી બબે માસે શાળા લીંપવી, છ છ માસે ધોળવી, તથા રંગારી જરૂર પુરતું સુથારી લુહારી કામ પણ ઉપર મુજબ વારાફરતી વિદ્યાર્થીઓએ કરવું.

(૪) ગામનું સાર્વજનિક પુસ્તકાલય શાળાના ઉપયોગ માટે મળી શકે એવી ગોઠવણ કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૫) શાળામાં ફરજીયાત 'ફી' (વેતન) કંઇ નહીં; પણ કોઇ કંઇ આપે તો તે શાળાના વ્યવસ્થાપકોએ પહોંચ આપી સ્વીકારવું. ગમે તો દાખલ ફી રૂા. ૧) એક રાખવી. પહોંચી શકાય એટલા વિદ્યાર્થીઓને કાળક્રમમાં દાખલ કરવા. અનિયમિતને રજા આપવી.

(૬) શાળાનાં ખાસ મકાનની જરૂર નથી. હોય તો ઠીક છે. નહીં તો કોઇ સાર્વજનીક ચોરો, ઉપાશ્રય, ધર્મશાળા, વાડી કે એવાં હવા-અજવાળાંવાળાં સ્થાન મેળવવા ગોઠવણ કરવી. તેના માલિકો કે રક્ષકોને સમજાવવા.

(૭) નિવૃત થયેલ યોગ્ય સજ્જન, સન્નારી શાળાને શિક્ષણ આદિમાં સહાયરૂપ થાય એવી પેરવી કરવી. ઇત્યાદિ

## ( આંતર )

## અભ્યાસ સૂચી.

**ભાષાજ્ઞાનઃ**—(૧) ફરજીઆત, માતૃભાષા અને હિંદી (૨) મરજીઆત, સંસ્કૃત અને જરૂર પુરતું ઇંગ્રેજી.

**ગણિતઃ**—( માતૃભાષામાં ) સંપૂર્ણ આંક, પલાખાં, મોઢાનાં લેખાં, સાદા અને આણપાણના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, ભાંજણી, દ્રઢભાજક, લઘુતમ, અપૂર્ણાંક, દશાંશ, રાશિ, વ્યાજ, ભાગીદારી, તોલ, માપ, ભરત, ચલણ, વખત, મુદત આદિના હિસાબ, નામું, રોજમેળ, રોકડમેળ, જમે-ઉધાર આવશે, ખાતાવહી, સરવૈયું, વ્યાજવહી, હુંડી, ચીઠ્ઠી ઇત્યાદિ.

**ઇતિહાસઃ**—( માતૃભાષામાં ) પ્રાચીન ભરતવર્ષનો ઇતિહાસ, ભારત વર્ષના પ્રાચીન તથા અર્વાચીન મહાન પુરૂષો તથા સ્ત્રીઓનાં ચરિત્રો.

**ભૂગોળઃ**—પોતાનું ઘર, ફળી, પાડોશ, ગલ્લી, ગામ, જીલ્લો, ઇલાકો ઇત્યાદિથી માંડી આખી દુનીઆની ભૂગોળનું જ્ઞાન, દિશા, ભુસ્તર, ખગોળ, વાયુચક્ર, ગ્રહરાશિ ઇત્યાદિ.

વ્યાપારી ભૂગોળ, દેશ પરદેશની નિપજ, આયાત, નિકાસ, જકાતનીતિ, ચલણ-નાણું, વ્યાપારી આદિ રીત-રિવાજ, છેટાપણું, અવરજવરનાં સાધન, જાણવા યોગ્ય સ્થળો, ધર્મપંથ, ટપાલ, રેલ, તાર, આગબોટ, અગત્યનાં સ્ટેશન, બંદર, ભાડું, પ્રાચીન તીર્થ આદિનું માતૃભાષામાં નકશા સાથે શિક્ષણ. ઉપરાંત જરૂર પુરતું રાજવ્યવસ્થાનું જ્ઞાન.

**અર્થ શાસ્ત્રઃ**—હિંદનું પ્રાચીન તથા અર્વાચીન વાણિજ્ય; પ્રાચીન તથા અર્વાચીન આર્થિક સ્થિતિ, વ્યાપાર, હુન્નર, કળા, ઉદ્યોગ, દેશોદય. બીજા દેશો સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાપાર સંબંધ; પ્રાચીન તથા અર્વાચીન ઉન્નતિ-અવનતિનાં કારણો ઇત્યાદિ માતૃભાષામાં શિખવવાં.

**ધર્મ:**—આત્મશ્રદ્ધા, ધૈર્ય, વિવેક, સહનશીલતા, પરમતસહિષ્ણુતા, આનંદ, સંતોષ, સંપ, સહાનુભુતિ, વિનય, પરગજુપણું, ઔદાર્ય, દાન, શિલ, તપ, ભાવ, સત્ય, પ્રમાણિકપણું, મીતાહાર, મીતવિહાર, હિમ્મત, દયા, પ્રાણીરક્ષા, સ્વદેશાભિમાન, સમયસૂચકતા, કર્ત્તવ્ય બુદ્ધિ ઇત્યાદિ

હું કોણ છું ? તું તને ઓળખ. તું અનંત શક્તિનો ધણી એવો શુદ્ધ સચ્ચિદાનંદ રૂપ આત્મા છું.-એ બોધ હમેશ પ્રભુ પ્રાર્થના, સ્તવન-કીર્તન, સ્વદોષ નિંદા, ક્ષમાયાચના, દોષ ન થવા પ્રાર્થના, સ્વાધ્યાય, આત્મનિરીક્ષણ, પરગુણપ્રશંસા, શૌર્ય, પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા, સત્ય, વિવેક, સુનીતિ જગાડે, ઉગાડે એવાં કાવ્ય, પદ, કીર્તનો સ્તવનો કંઠાગ્રે.

**પ્રકીર્ણ:**—(૧) આરોગ્ય શાસ્ત્ર, કુદરતી ક્રમ, નિદાન, ચિકિત્સા, ચોકખાઇ, યોગ્ય ખાન-પાન, સાદાઇ, અકસ્માત્ વખતે તાત્કાળિક ઉપાય, ઘરગથુ ઉપચાર ઇત્યાદિ.

(૨) કાંતવું-વણવું.

(૩) શિવવું, વેતરવું, સાંધવું. જરૂર પડતું સુથારી, લુહારી, કડીઆ કામ; કપડાં ધોવાં-રંગવા ઇ૦

**કસરત:**—(૧) વાજિંત્ર સાથે સંગીત,

(૨) દોડવું, તરવું, કુસ્તી ઇ૦

**વર્તમાન પત્રો:**—દેશ પરદેશના તાજા સમાચાર તથા ચાલુ ચર્ચા બાબત. અગ્યારમા વરસથી વર્તમાન પત્ર સાથે સંબંધ.

આમ આ આઠ વરસના અભ્યાસનો સમૂહવર્ગ, સમુચ્ચય સાર છે. ચૌદ વરસ પુરાં થતાં વિદ્યાર્થી વ્યવહારજીવન માટે સારી રીતે તૈયાર થઇ શકે, અને ઇચ્છિત વ્યવસાય આરંભી શકે.

પ્રથમ છ વરસ સુધીમાં એટલે શાળામાં પ્રવેશ્યા પહેલાં અને પછી પણ મા બાપોએ તો ગ્રહકેળવણીનું લક્ષ આપવાનુંજ છે.

વર્ગ તથા વર્ગવાર ક્રમ તથા ઉચ્ચતર કેળવણીની યોજના હવે પછી.

ઉપલો ક્રમ શહેર તેમજ ગાંમડાની પ્રાથમિક શાળાઓને ઉપયોગી થશે; તેમાં પણ ગ્રામ્ય શાળાઓને તો બધી રીતે ખાસ ઉપયોગી થશે. જેમ બને તેમ ઓછા ખર્ચનો અને આપબળ ઉપર, પોતાના પગ ઊપર ઉભવાનો એમાં ઉદ્દેશ રાખ્યો છે. ૐ શમમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવકોની પ્રાચીન ઉન્નતિ
## અને
## આધુનિક-અવનતિ.

પ્રાચીન જૈન ઈતિહાસ તરફ જ્યારે દષ્ટિ ફેરવવામાં આવે છે, ત્યારે સર્વ પ્રકારે સિદ્ધ થાય છે કે, પ્રાચીન ગૃહસ્થ શ્રાવકોનું પ્રયત્ન કરવાનું અગાધ સામર્થ્ય અને તે સામર્થ્યનો ક્રિયાવડે ઉપયોગ–આ બે અગત્યની વસ્તુઓનો તેઓમાં પૂર્ણ વિકાશ જોવામાં આવતો હતો. તે અગાધ સામર્થ્ય પોતાના ધર્મબંધુઓમાં અભેદ ભાવનું ભાન કરવાથી આવે છે અને તે પ્રમાણે વર્તન કરવા માંડવાથી તે સામર્થ્યનો ઉપયોગ થતો અનુભવમાં આવે છે. પૂર્વજ શ્રાવકોએ ઉભય તત્વનું સ્વરૂપ સારીરીતે સમજતા હતા, તેથી તેમનું સામર્થ્ય અનેક રીતે ઉપકારક થતું હતું. તેમજ એ સામર્થ્યને લઇને તેમનું શ્રાવકત્વ સંપૂર્ણ લક્ષણવાલું ગણાતું હતું.

સાંપ્રતકાલે શ્રાવકોમાંથી એવું શ્રાવકત્વ થોડે ઘણે અંશે પણ દેખાતું નથી. સર્વત્ર ભેદભાવનું સામ્રાજ્ય પ્રવર્ત્તે છે. ‘ હું તે હું અને બીજો તે બીજો, ’ એવી ભેદબુદ્ધિ સર્વત્ર પ્રસરી રહી છે. અહંતા અને મમતાના મંત્રોનો જાપ પ્રત્યેક શ્રાવકના હૃદયમાં નિરંતર થયા કરે છે. તેમના સર્વ વ્યવહારોની પ્રણાલિકા અહંભાવને મુખ્ય રાખીને વહ્યા કરે છે. એવું વર્તન તે જીન આગમથી તદન વિરૂદ્ધ વર્ત્તન છે. જૈન વિદ્વાનોએ સિદ્ધાંત રૂપે પ્રરૂપ્યું છે, કે “ જ્યાં અહંભાવની પ્રધાનતા છે, ત્યાં સમકિત રત્નનું એક પણ કિરણ પડતું નથી. તેનાથી શ્રાવકત્વ રૂપી સુધા ઉપર મષીનો કુચડો લાગે છે અને છેવટે તેમાંથી નિસ્તેજ, નિર્માલ્ય, બુદ્ધિવિહીન, દાસત્વ પ્રગટી આવે છે. શ્રાવકપણાના જાજ્વલ્યમાન તેજનો પ્રકાશ કેવો હતો, તેનો દાખલો વિક્રમની ચૌદમી શતાબ્દીમાં બન્યો છે. કલિકાળસર્વજ્ઞના મહાન્ બિરૂદને ધારણ કરનારા જૈન ધર્મ રૂપી ગગનમાં સૂર્ય જેવા મહાત્મા જિનચંદ્રસૂરિનો સમય આ ભારતવર્ષ ઉપર અદ્વિતીય ગણાતો હતો. તેમના ગુરૂ જિનપ્રબોધસૂરિએ શ્રાવકતત્વની એવી પ્રરૂપણા કરી હતી કે, તેનાથી ભારતમાં અનેક શ્રાવકરત્નો પ્રકાશમાન થયા હતા. અને તેમના તરફથી અસાધારણ સંઘપૂજા થઇ હતી. તે સમયના દાનેશ્વરી શ્રાવકોએ ઉચ્ચકોટીના દાનો આપી જૈન પ્રજાને તારી દીધી હતી. કેવળ દ્રવ્યવાન નહીં પણ તે સમયે જ્ઞાન દાનની પણ ભારે ગર્જના થઇ હતી. તેથી તે સમયે દીનતા, દરિદ્રતા અને અનાથતા નો તદન નષ્ટપ્રાય થઇ ગઇ હતી. આધુનિક સમયમાં ભારતવર્ષને એવા જૈન દાનેશ્વરીઓની બહુ જરૂર છે; પણ તે દેશકાલાનુસાર આવશ્યક્તા સમજી વર્તનારાઓનીજ; નહિં કે માત્ર એકલા સ્વામિવાત્સલ્યના ભોજન, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આડંબરી ઉત્સવોમાં તથા ભર્યામાં ભરનારા લાભાલાભની તુલના કરવાને દીર્ઘ વીચાર કરનાર નહી તેવાની.

જેમણે ભારતવર્ષનો પ્રાચીન જૈન ઇતિહાસ વાંચ્યો છે અને જેમણે ભારતના પ્રાચીન જૈન ચરિત્રોનું નિદિધ્યાસન કર્યું છે, તેઓ પ્રાચીન સમયના દાનવીર શ્રાવક વીરોની કીર્ત્તિ સારી પેઠે જાણે છે અને તેથી તેઓ પોતાના તે પ્રતાપશાલી પૂર્વજોને પ્રીતિથી પુષ્પાંજલી અર્પણ કરવા આગળ વધશે. પ્રાચીન પ્રભાવિક જૈન ધર્મવીરોની કીર્ત્તિ કેવળ નવીન ચૈત્યરચના અને બારવ્રત લેવામાંજ માત્ર સમાપ્ત થતી નથી. શુદ્ધ દેવ, ધર્મ અને ગુરૂની ઉપાસના કરી સાત ક્ષેત્રોમાં મહાન દાનેશ્વરી થઈ તેમની ધર્મ વીરતાનો અંત આવી રહ્યો નથી; પરંતુ તે ઉપરાંત ઉચ્ચ જ્ઞાન, સત્યવર્ત્તન, અને ઉપકારશીલતા, દયાળુતા આદિ ગુણોને માટે પણ તેઓ આજ સુધી સકળ ભૂમંડળમાં પ્રતિષ્ઠા પામ્યાં છે તેથી તેમના ઉજ્વલ ચરિત્રો અદ્યપિ ભારતવર્ષમાં ગવાય છે.

પૂર્વ કાલે જૈન ગૃહસ્થવીરો શ્રીવીર ધર્મની વિજય પતાકા ફરકાવી રહ્યા હતા જે વખતે ચીન દેશનો પ્રસિદ્ધ પરિવ્રાજક હુએનસંગ ભારતવર્ષની મુસાફરી કરવા નીકલેલો ત્યારે તેણે કેટલાએક બૌદ્ધ ગુરૂઓની સાથે જૈનગુરૂઓની પણ મુલાકાત લીધી હતી. તે મહાન જૈનગુરૂઓના ઉપદેશથી કેટલાએક જૈનદાનવીર ગૃહસ્થોના પ્રસંગમાં પણ તે આવ્યો હતો. ઇતિહાસ લખે છે કે, જૈન દાનવીરોના પરોપકારી ધર્મકાર્યો જોઈ તે ચીનનો પરિવ્રાજક હુએનસંગ ચકિત થઇ ગયો હતો. અને બૌદ્ધ અને જૈન મહાત્માઓની ચરણ છાયામાં બેસી ભારતવાસીઓની અપૂર્વ વિદ્યાનું શિક્ષણ લેવાની તેની ઇચ્છા થઇ આવી હતી. એક સ્થળે તે મહાપુરૂષે જૈનદાનવીરોની મહાન દાનશાળા અવલોકી હતી. કે જે શાલામાં આશ્રયહીન, દુઃખી, અપંગ, પિતૃહીન, માતૃહીન તથા નીર્ધન માણસોને બોલાવવામાં આવતા હતા.

સાંપ્રતકાળે આ દાનધર્મનું સ્વરૂપ કયાંઇ પણ જોવામાં આવતું નથી. અનેક દુઃખી, નિરાશ્રીત, સાધન વગરના જૈનો રખડે છે, રીબાય છે, અને અનેક જાતના કષ્ટો ભોગવે છે. શિક્ષણ વગર અજ્ઞાની રહી જાય છે, છતાં પણ કોઇ શ્રીમાન્ તેમની સામે ઉત્સાહર્થી અવલોકતો નથી. એક તરફ હજારોના કીર્ત્તિદાન કરવામાં આવે છે. મોટા આડંબરવાલા પ્રસંગો ઉજવવામાં આવે છે અને સામ્રાજ્યની સેવામાં આગળ પડતો ભાગ લેવા આતુર રહે છે (લાખો અર્પી દેવામાં આવે છે.) ત્યારે બીજી તરફ ઉચ્ચ કેળવણી, કલા કૌશલ્ય અને ઉદ્યોગના સાધનો પ્રજાવર્ગને મેલવી આપવામાં ઉપેક્ષા બેદરકારી રાખવામાંઆવે છે.એજ આ પાંચમા આરાનું સ્વરૂપ ઝલકે છે.

પ્રાચીન શ્રાવકોના વર્ત્તન તરફ જ્યારે અવલોકન કરીએ છીએ ત્યારે સાંપ્રતકાળની સ્થિતિ ઉપર ભારે ખેદ થયા વગર રહેતો નથી. તે પ્રાચિન મહાશયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના જીવનના સર્વ પ્રકારોનું ચૈતન્ય ધર્મનેજ માનતા હતા અને સંઘસેવા કે સમાજસેવા એ ધર્મનુ કેન્દ્રસ્થાન છે, એમ તેઓ સમજતા હતા. તેઓ ધર્મનું યથાર્થ શ્રવણ, મનન કે નિદિધ્યાસન એટલે સુધી કરતાં કે જેથી આચાર વિચારની પદ્ધતિનું સૂક્ષ્મ રહસ્ય તેમના સમજવામાં સારી રીતે આવી શકતું હતું, તેથી તે સમયે ધર્મને નામે અયોગ્ય પ્રવૃત્તિ ચાલી શકતી ન હતી તેમજ તે અયોગ્ય પ્રવૃત્તિને લઈને દંભ—માયા—છળ—મિથ્યા વ્હેમ, સ્વાર્થ ઢોંગના અંશો જરા પણ પ્રગટ થતા ન હતા. સાંપ્રતકાળે એ ઉચ્ચ ભાવનાની પૂરેપુરી મંદતા થઇ ગઇ છે. વર્ત્તમાન કાલના ગૃહસ્થ જૈનોના હૃદયમાં ધર્મનું યથાર્થ શ્રવણ, મનન કે નિદિધ્યાસન જોઇએ તેવું થતું નથી, તેથી પ્રજામાં ચાલતી આચારવિચારની પદ્ધતિનું મલિન સ્વરૂપ તેમના સમજવામાં આવતું નથી. એટલે પ્રજાની ધાર્મિક અને વ્યવહારિક પ્રવૃત્તિનું અધ:પતન થતું જાય છે. તેથી કરીને તીર્થરૂપ ગણાતા સંઘ રૂપી એક મહાન મેહેલના પાયા નબળા પડી ગયા છે, મિથ્યાત્વ રૂપી ઉધાઇ તેને લાગેલી છે. વ્હેમના જાલાઓ તેના સર્વ પ્રદેશમાં બાઝી ગયા છે.તેની દીવાલો ઉપર સ્વાર્થની ફાટો પડી ગઇ છે અને તેની સુંદર રચના ઉપર ઢોંગની મસના કાલા ડાઘા લાગી ગયા છે તે બાબત વીચારમાં લેતા પણ નથી.

પૂર્વના શ્રાવકો ચતુર્વિધ સંઘની શ્રૃંખળાને અવિચ્છિન્ન અને સુદૃઢ રાખવાને માટે એકતાની ગુંથણી એવી તો મજબૂત રાખતા કે, કોઇ કાલે પણ એ શ્રૃંખલાને શિથિલ થવાનો પ્રસંગ આવતોજ નહીં. તેમની ભાવનામાં સર્વ સમાજના સુખની સામગ્રી ઉદ્ભવતી હતી, તેમની વાણીનો વિલાસ વંચકતાથી તદન દૂર હતો. સ્વાર્થપરાયણુતા અને કીર્તિ લોભ બીલકુલ નહોતો, પરંતુ પરસ્પર ઐક્ય, સ્નેહ, મમતા વધવાને માટેજ પ્રવૃત્તિ કરવાનો તેમનો સિદ્ધાંત હતો. સત્ય વાત ગ્રહણ કરવી એજ નિયમ અને જે રીતે એ સત્ય વાત સમજાય તેવોજ ઉપદેશ તથા જેવો ઉપદેશ તેવો આચાર એ સત્પુરૂષોનો મન, કર્મ, વાણી એક રાખવાનો સનાતન નિયમ તે ધર્મ વીરો સારી રીતે સાચવતા હતા. જે બુદ્ધિહીન કે કેવળ સ્વાર્થ પરાયણ લોક છે, તેના લક્ષમાં આ નિયમ કદાપિ આવતો નથી. સાંપ્રતકાલે જૈન ગૃહસ્થોમાં તેવી ઉચ્ચ કોટીવાલા ગૃહસ્થો ભાગ્યેજ જોવામાં આવે છે. હાલમાં ઘણાંઓના મન, કર્મ અને વાણીના રંગ વિવિધ જાતના દેખાય છે. કેટલાએકની દૃષ્ટિમાં સ્વાર્થનું અંધએટલું બધું પ્રસરેલું હોય છે, કે, જેથી તેઓ સત્યનું શુદ્ધ સ્વરૂપ જોઇ શકતા નથી. સત્યને વળગી રહેવામાં તેઓ મોટાઇ માનતા નથી પણ પોતે ગમે તેવા પ્રસંગમાં કહી દીધેલા વાકયને વગર વિચારે વળગી રહેવામાં કે કદાગ્રહ કરવામાંજ અને પોતાનું ધાર્યું કરવામાં મોટાઇ સમજે છે. સાહસિક વૃત્તિ અને માનસિક બળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરાવનારાની તો હાલ પૂરેપૂરી ખોટ આવી પડી છે. આથી સાંપ્રતકાલે શ્રાવકપણાનું શૌર્ય બતાવી શ્રી વીરધર્મના ગૌરવ સૂર્યને અધિક તેજસ્વી બનાવનારા તે પૂર્વજોનું અલ્પઅંશે પણ અનુકરણ કરવાની પૂરેપૂરી આવશ્યકતા છે. આધુનિક શ્રાવકોની પ્રવૃત્તિ જોવાથી દરેકને કહેવું પડશે કે, ચાલતી વિક્રમની શતાબ્દિમાં ખરા દાનેશ્વરી શ્રાવક વીરો અનેક થતાજ નથી. શ્રી વીર પ્રભુની વીરલીલાની જન્મભૂમિ ભારત વર્ષમાં કોઇ પણ સાચો શ્રાવક વીર કે જે સંઘ સેવાના મહાવ્રતથી આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે તેવી પ્રવૃતિ કરનારો જૈન પુરૂષ પાકતો નથી. સંઘ સેવામાંજ જીવન અર્પનારૂં, જૈન સમાજમાં જીવન શક્તિ અને તેજસ્વિતાને ભરી દેનારૂં, અસાધારણ કાર્ય શક્તિનો પરિચય કરાવનારૂં અને સાધર્મીઓના દારિદ્રનો ઉચ્છેદ કરવા પુનઃ પુનઃ પ્રયત્ન કરનારૂં તે ખરૂં શ્રાવકત્વ હાલ કયાં છે? તે તો ઘોર અંધકારમાં ડુબી ગયું છે.

પ્રાચીન ગૃહસ્થ ધર્મવીરોના હૃદયમાં કોઇ શુદ્ધ શ્રદ્ધાની શીતળ છાયા પડતી હતી; તથાપિ તેમની શ્રદ્ધા અંધ શ્રદ્ધા ન હતી. જો કે ગુરૂના વચનો ઉપર સત્ય બુદ્ધિ રાખી તેમનું અવધારણ કરવું, તે શ્રદ્ધાનું લક્ષણ તેમને માન્ય હતું અને તેવી શ્રદ્ધાથી સત્ય વસ્તુની ઉપલબ્ધિ થાય છે, એમ તેઓ હૃદયથી માનતા હતા, તથાપિ સત્યાસત્યનો નિર્ણય કરવામાં તેઓ સર્વદા તત્પર રહેતા હતા. ઉપદેશનું જે વાકય શ્રવણ માર્ગે આવે પણ તેને હૃદયના ઉંડા પ્રદેશમાં પોહોચાડી સ્થાન આપતાં તેઓ દીર્ઘ વિચાર કરતા હતા. તેથી કરીને કેટલીવાર ગુરૂઓના વ્યાખ્યાનોમાં ઉહાપોહ થવાના અનેક પ્રસંગો પ્રાચીન ચરિત્રોમાં જોવામાં આવે છે.

સાંપ્રતકાળે એ પૂર્વ શ્રદ્ધાનું સ્વરૂપ બદલાઇ ગયું છે. કોઇનામાં શ્રદ્ધાનો તદન અભાવ જોવામાં આવે છે તો કોઇનામાં અંધ શ્રદ્ધા દેખાય છે. વળી કોઇ કોઈ વ્યક્તિમાં તો કર્ત્રિમ શ્રદ્ધાનો આભાસ પણ વિલોકાય છે. તે સર્વમાં અંધ શ્રદ્ધા વધારે હાનિ કરે છે. આંખો મીચીને, બુદ્ધિને શૂન્ય કરી નાંખીને, કાંઇ પણ જોયા કે વિચાર્યા વિના જે એકજ વાત પકડાઇ તેને વળગી રહેવું, એ અંધ શ્રદ્ધા કહેવાય છે, એ શ્રદ્ધાથી સત્ય વસ્તુની ઉપલબ્ધિ થતી નથી. એવી શ્રદ્ધાથી તો દુરાગ્રહ, હઠ, અને નકામી નકામી વહેમની કુટેવોનીજ વૃદ્ધિ થાય છે, એવી કુટેવોનું બીજ હૃદયનો સંકોચ અને મનનું સાંકડાપણું એ છે. જે વર્ત્તમાન કાલે જૈન પ્રજામાં ઘણે સ્થાને જોવામાં આવે છે. આ અંધ શ્રદ્ધાને લઇને જૈન પ્રજા હાલ અનેક કડવા અનુભવ કરે છે. કર્ત્તવ્યના ખરા માર્ગને છોડી ઉન્માર્ગે ચાલે છે; તેથી તેમનામાં અધમતાને અર્પનારા રીવાજોએ મોટો પગ પેસારો કર્યો છે અને સર્વત્ર અનુચિત પ્રવૃત્તિનો પવન ફુંકાવા લાગ્યો છે. જો આ પ્રમાણે અંધ શ્રદ્ધાનો પ્રવાહ અવિચ્છિન્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યા શકશે તો શ્રાવક પ્રજાની ઉન્નતિનું શિખર જે કાંઇ પણ ભવિષ્યની આશા ઉપર ટકી રહ્યું છે, તેનો વિનાશ થવા વખત આવે એટલુંજ નહીં પણ જેઓએ બુદ્ધિના ચમત્કારી પ્રભાવથી આ ભારતના વિશાળ પ્રદેશમાં જૈન મતની મહાન્ પ્રતિષ્ઠા પાડી છે અને જેઓએદયા ધર્મની પ્રરૂપણા કરી સર્વ સમાજને એક સ્થાનમાં ઉભા રાખી ભ્રાતૃભાવથી આલિંગન કરાવવાનો મહાન્ ઉપદેશ આપેલો છે, તેવા પ્રાચીન જૈન મહાત્માઓની ઉજ્વલ કીર્ત્તિને કલંક લાગ્યા વગર રહેશે નહીં માટે તેવી અંધ શ્રદ્ધાથી મુક્ત થવાથીજ આપણી ગૌરવતા વધતી જશે.

પૂર્વકાલે ગૃહવાસની શીતળ છાયામાં રહી ગૃહસ્થ ધર્મના પૂર્ણ અધિકારી બનવા માટે નીતિમય ચારિત્રનું સંપૂર્ણ શિક્ષણ લેવામાં આવતું હતું. નીતિમય ચારિત્ર કીયું, નીતિમય ચારિત્રનાં શાં લક્ષણ, અને નીતિમય ચારિત્રની રક્ષા શાથી, એ ઇત્યાદિ પ્રશ્નો ગૃહસ્થ વર્ગમાં વારંવાર ચર્ચાતા હતા. માણસના નીતિમય ચારિત્ર ઉપર સહવાસ અને સંસર્ગની ઘણી અસર થાય છે એ વાતને તેઓ સંપૂર્ણ રીતે સત્ય માનતા હતા. અને નીતિ એ મનુષ્યના વ્યવહાર નાવને દોરનાર ધ્રુવ છે, એમ તેઓ નિશ્ચયથી સમજતા હતા. આથી તેમના વ્યવહારની શુદ્ધિ ભારત વર્ષમાં સર્વોત્કૃષ્ટ ગણાતી હતી અને તે બળને લઇને તેઓ સમગ્ર વિશ્વજનના પુર્ણ વિશ્વાસપાત્ર બનતા હતા. વર્ત્તમાન કાલે એ નીતિમય ચારિત્રનો પ્રકાશ તદન ઝાંખો થતો જાય છે. ઉત્તમ પ્રકારની શ્રીમંતાઇ પ્રાપ્ત થવા છતાં અને ઉપકાર કરવાના સર્વ સાધનો ઉપસ્થિત થયાં છતાં તેવા પ્રસંગોમાં અનેક જાતની વિચિત્રતા કરવામાં આવે છે. કર્ત્રિમ ભાવ, આડંબર, કપટ ભરેલો વિવેક, મીઠાશ અને શુષ્ક વાણી વિલાસના મલિન જલમાં આધુનિક ગૃહસ્થો પોતાના નીતિમય ચારિત્રને ઝબોળી દે છે. પરંતુ છેવટ કર્ત્રિમ ભાવનાનું સ્વરૂપ ઉઘાડયું પડયાવગર રહેતું નથી. પુર્વના નીતિમય ચારિત્રવાલા શ્રાવકો જેઓએ સ્વતંત્ર, સ્વપ્રમાણ, દીર્ઘદર્શી, સર્વપ્રેમી, એકમાર્ગી આનંદ અને પ્રમાણિક કર્ત્તવ્યને માર્ગે ચાલી સમાજની મર્યાદા બાંધી છે, તેમના શ્રાવકપણાને માટે ભારત વર્ષની સર્વ આર્યપ્રજા અદ્યાપિ મગરૂરી ધરાવે છે અને આર્હત ધર્મના ગૃહસ્થાવાસને સંપુર્ણ ધન્યવાદ આપે છે. તેમનો એ ગૃહાવાસ સ્વર્ગિય સુખનું સ્થાન હતો; તેમના ગૃહાંગણામાં નીતિની કલ્પલતા પલ્લવિત થઇને રહેતી હતી કે જે કલ્પલતાને હમેશાં પ્રમાણિકતા રૂપી જલધારાનું સિંચન કરવામાં આવતું હતું. જેના મધુર ફલનો સ્વાદ તે ધર્મવીરો આનંદ પૂર્વક અનુભવતા હતા.

સાંપ્રતકાલે એ ગૃહાવાસની સ્થિતિ બદલાઇ ગઇ છે. જે ગૃહાવાસ સ્વર્ગીય શોભાનો અધિકારી છે, તે ગૃહાવાસ ઉપર આજે નારકી ભૂમિની મલિન છાયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડવા લાગી છે. જેનું આંગણું નીતિની કલ્પલતાનું અધિકારી છે તેમાં આજે અનીતિ, અપ્રમાણિકતા, છળ, કપટ, અનાચાર, ધૂર્તતા, આડંબર અને કૃત્રિમ ભાવરૂપી ઝાંખરાઓ ઊગીનીકળ્યા છે, તેની આસપાસ સ્વાર્થ, દ્વેષ અને કુસંપના કાંટાળા થાર ઊગ્યા છે અને તેની કટુવાસની હવા તે ગૃહવાસની ભૂમિની ચારે તરફ પ્રસરી રહી છે. આ ઉપરથી અમારૂં એમ કહેવું નથી કે અત્યારથી તમામ ખરાબજ છે, પરંતુ અવનતિ થતી જતી સ્થિતિને ઉન્નતિ કરવા માટે વર્તમાન સમયનું માત્ર દિગ્દર્શન છે તેમાંથી જેટલું અયોગ્ય હોય તેને દૂર કરવાનું છે.

આ પ્રમાણે પ્રાચિન અને આધુનિક શ્રાવકોની સ્થિતિનો વિચાર કરવાથી સર્વ કોઇ પણ સહૃદય અને સુવિચારક જૈનને લાગી આવશે કે, અધુનિક જૈન સમાજની અંદર ઘણી સુધારણા કરવાની જરૂર છે. સાંપ્રતકાલના જૈન સમાજે પોતાની પુર્વ સ્થિતિનો વિચાર કરવો જોઈએ. પોતે તેજ પુર્વજોના સંતાનો છે એ વાત ભુલી જવી ન જોઇએ. જે પુર્વ પુરૂષો અપુર્વ ધર્મબળ, અનુપમ સાહસ, અલૌકિક શક્તિ અને અટલ ઔદાર્ય તથા તેજસ્વીતા બતાવી આ ભારત મંડળ ઉપર પ્રકાશિત થઇ જીવનની અંત્યદશામાં દેવભુમિના સેવક બન્યા છે. જેઓના ઉપકારી કામો અલૌકિક ભાવથી ભરેલા હતા, જેઓની શક્તિઓ અને ગતિને રોકવાને અન્ય આર્યપ્રજા સમર્થ થઈ નથી, જેઓ અપુર્વ સામર્થ્ય અને દઢ નિશ્ચયના બળથી પોતાની મહાન સાધનાની સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા છે, જેઓ અનેક વિઘ્નો અને અનેક વિપત્તિઓ આવી પડ્યા છતાં પોતાનો ધર્મ વાલી શકયા છે અને સમસ્ત ભારતમાં જેમની મહાશકિતની હાક વાગી રહી છે, તેવા પુર્વ શ્રાવકવીરોનાસંતાનો એ હવે વિચારવું જોઇએ કે, સાંપ્રતકાલે આપણે કેવી દશામાં આવતા જઈએ છીએ. આપણાં પુર્વજોની અને આપણી સ્થિતિ વચ્ચે હાલ કેટલું બધું અંતર છે ? દિવ્ય કલ્પવૃક્ષની શાખાઓ ઉપર કટુફલના લુમખાઓ થાય, એ કેટલું બધું હાસ્યાસ્પદ અને લજ્જાસ્પદ કહેવાય ? તેનો વિચાર કરી આધુનિક અવનતિ વધારે થતી અટકાવવાની જરૂર છે.

## પ્રકીર્ણ.

ભાદરવા શુદી ૧૪ ના દિવસે સાગર ગચ્છના ઉપાશ્રયમાં શ્રી સંઘ એકઠો થયો હતો. જે વખતે પૂજ્યપાદ શ્રીમાન્ હંસવિજયજી મહારાજે જૈનોનો વ્યવહાર સુધારવા માટે સગરચક્રવર્તિનું દષ્ટાંત આપી, તેના સાઠહજાર પુત્રોના એકી સાથે પંચત્વ પામ્યા, તે વખતે સગરચક્રવર્તિએ રાખેલી ધૈર્યતા શાંતિ, વગેરે ઉપદેશથી જણાવ્યું હતું જેથી તેવા કોઇ પ્રસંગે શોક નહીં કરવા જેમ બને તેમ ઓછો કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાવ્યું હતું. કમનશીબે જેમને ત્યાં પુરૂષનું મરણ થયું હોય તેમની વિધવા સ્ત્રીને ઘણા લાંબા વખત સુધી ઘરમાં રહેવું પડતું હોવાથી દેવ-દર્શન ઉપદેશ શ્રવણથી વંચીત રહેવું થતું હોવાથી વિધવા સ્ત્રીઓ ત્રણથી પાંચ મહીના સુધી ઘરમાં રહેવું (ખુણે રહેવું) સાથે મરણ પ્રસંગે રસ્તા વચ્ચે રોવા કુટવાનો રિવાજ છે તે બંધ કરવામાં આવ્યો. વગેરે બાબતનો બંદોબસ્ત પાટણના સંઘે કર્યો હતો તે ધારાનો ભંગ કરનાર પાસેથી સવા રૂપૈયો પાંજરપોળમાં લેવો તેવો નિયમ ઠરાવ્યો હતો.

# ગ્રંથાવલોકન.

## ૧ શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરીનો ચતુર્થ વાર્ષિક રિપોર્ટ (વડોદરા)

આ લાઇબ્રેરીના ઉત્પાદક જૈનો હોવા છતાં વડોદરાવી સમગ્ર પ્રજાને તેના ધારા ધોરણને અનુસરી વાંચનનો લાભ આપે છે. તે એવા જાહેર રસ્તા ઉપર આવેલ છે કે જેથી સર્વ કોઇ લાભ લઈ શકે, દિવસાનુદિવસ તેની વૃદ્ધિ થતી જોવામાં આવે છે અને લાભ પણ લેવાય છે એમ તેના આ રીપોર્ટ વાંચતાં માલમ પડે છે. આ રીપોર્ટમાં "લાઇબ્રેરીનો પ્રચાર કેવા પ્રકારે હોવો જોઇએ" એ નામનો એક નિબંધ શ્રીમાન્ કૃપાળુ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીનો છે તે ખાસ વાંચવા જેવો છે.

એકંદર રીતે આ સંસ્થાનો વહીવટ સંતોષકારક છે અમો તેની આબાદી ઇચ્છીએ છીએ.

## ૨ એકસો પાંત્રીશ આંકની ચોપડી.

ઉપરની બુક અભિપ્રાય માટે અમોને ભેટ મળેલ છે. તેના પ્રસિદ્ધ કરનાર સુરતના સુપ્રસિદ્ધ વૈદ્ય તિલકચંદ તારાચંદ શાહ છે કે જેઓ દેશી વૈદકશાસ્ત્રના સારા અભ્યાસી અને વૈદકનો ધંધો કરનાર સુરતના વતની છે. પોતાના ધંધા સાથે અનેક હેન્ડબીલો દ્વારા આરોગ્યતા માટે અનેક વખત સુચનાઓ પરોપકાર અર્થે જનસમાજને પોતાના ખર્ચે કરે છે તેમણે આ બુક પ્રાચિન વિદ્યા સચવાઇ રહેવા માટે (નહીં કે વેચવા માટે) પ્રસિદ્ધ કરેલ છે. તેમના આ પ્રયાસને અમો ધન્યવાદ આપીએ છીએ તેટલું જનહી પરંતુ વ્યાપારી તરીકે હિસાબ ગણિતમાં કુશળતા મેળવનાર માટે આ બુકમાં આવેલ તમામ આંકો શરૂઆતથી બાળપણથી શીખવાની જરૂર છે. કોઈ પણ લાઇબ્રેરીને માત્ર પાંચ આના પેસ્ટના લઇ ભેટઆપવામાં આવે છે. **મળવાનું ઠે.-વૈદ તિલકચંદ તારાચંદ શાહ મહીધરપુર-સુરત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૩ શ્રી રૈવત ગિરિ જૈન વિદ્યાશાળા તથા શ્રી આત્માનંદ જૈન લાઇબ્રેરીનો ત્રિવાર્ષિક રીપોર્ટ.

ઉપરોક્ત સંસ્થાનો સવિસ્તર સં. ૧૯૭૨ થી સં. ૧૯૭૫ની સાલનો ત્રણ વર્ષનો રીપોર્ટ અભિપ્રાય માટે ભેટ મળેલો છે. જૈન શાળાનું સ્થાપન સં. ૧૯૪૪ માં થયેલ છતાં તે મંદ સ્થિતિ ભોગવે છે જેનો રીપોર્ટ સં. ૧૯૬૯ થી સં. ૧૯૭૧ સુધીનો બહાર પડેલો જણાવે છે. જૈન સ્ત્રીશાળા પણ ત્યાં છે જે જુદી ચાલે છે તેનો ખર્ચ તીર્થ રક્ષક પેઢીમાં ભંડારની પહોંચમાં તેનું ખાતું રાખેલ હોવાથી ત્યાંથી ખર્ચ ખાતે અપાય છે.

જૈનશાળામાં માત્ર ૧૫ પંદર વિદ્યાર્થીઓ લાભ લે છે જે બીલકુલ ત્યાંની જૈન કોમના પ્રમાણમાં બીલકુલ ઠીક નથી. આ શાળાના નિભાવ માટે પર્યુષણ પર્વના દિવસમાં ફાળો નાંખવામાં આવે છે. તેમજ યાત્રાળુઓ પાસેથી કાંઇક રકમ આવે છે.

ઉપરોક્ત લાઇબ્રેરી સં. ૧૯૭૨ ની સાલમાં મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ ત્યાં ચાતુર્માસ રહ્યા તે વખતે તેઓશ્રી ઉપદેશથી અત્રેના સંઘના અગ્રેસરોની ઇચ્છા થવાથી, ઉક્ત મુનિમહારાજના મુબારક હસ્તથી ખુલ્લી મુકવામાં આવી છે. આ લાઇબ્રેરીનો જન્મ થવાથી યાત્રાળુઓ સ્થાનિક જૈનો અને જૈનેતર બહુ સારા પ્રમાણમાં લાભ લે છે. આ પવિત્ર તીર્થ સ્થળમાં આ લાઇબ્રેરી તે પ્રથમ અને જરૂરીયાતવાળી વસ્તુ હોઇને તેનો સારા પ્રમાણમાં લાભ લેવાય તે બનવા જેવું છે, સાથે તેના કાર્યવાહકોને પણ તે માટે ધન્યવાદ ઘટે છે. જૈનશાળા માટે રીપોર્ટમાં કહેવામાં આવે છે કે ત્યાંના જૈન બંધુઓ પોતાના પુત્ર પુત્રીઓને ધાર્મિક જ્ઞાન આપવાને માટે દરકાર વગરના છે, જેથી આ સંસ્થા કાર્યવાહકો તેમને લાભ લેવા વિનંતિ કરે છે, અમોપણ ત્યાંના જૈન બંધુઓને સુચના કરીયે છીએ કે મનુષ્ય જીવન ખરેખરે ધાર્મિક જીવન સિવાય શુન્ય છે જેથી દરેક જૈનોએ પોતાના બાળકોને ધાર્મિક શિક્ષણ આપવુંજ જોઇએ આ શાળાને કાયમના નિભાવ માટે સારી આવક તેમજ સ્થાયી રકમની જરૂર છે. આવા પરમ પવિત્ર તીર્થ જે કે પવિત્ર શત્રુંજયની એક ટુંક છે તે સ્થળે ઘણા યાત્રાળુ બંધુઓ આવતા છતાં આ ખાતા ઉપર કેમ દ્રષ્ટિ કરતાં નથી તે અજાયબી ભરેલું છે. અમો દરેક જૈન બંધુઓને આ પવિત્ર ગિરનારજી તીર્થ ઉપર આવેલ ત્રણે સંસ્થાને આર્થિક મદદ આપવાને ભલામણ કરીયે છીયે સાથે શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહકોને નમ્ર સુચના છે કે ત્યાં પણ તીર્થની પેઢી હોવાથી તે ત્રણે ખાતા સારી સ્થિતિએ પહોંચે તેટલી મદદ આપવાની જરૂર છે અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪ " શ્રીમાળી વાણીઓના જ્ઞાતિભેદ. "

ઉપરનો ગ્રંથ અમોને અભિપ્રાય માટે ભેટ મળેલ છે. આ ગ્રંથ વણીક કોમની ઉત્પત્તિ માટે ઐતિહાસિક દષ્ટિએ લખાયેલો છે. ઇતિહાસિક સપ્રમાણ આધારોથી સંશોધન થયેલી હકીકત ઘણે ભાગે સત્ય મનાય છે. આ ગ્રંથ લખવાનો હેતુ લાડવા શ્રીમાળી વણીક કોમ સામે થતા આક્ષેપો દૂર કરી તે પણ શ્રીમાળીના પેટા વિભાગ તરીકે બતાવવાનો છે. છતાં પણ લેખક અને પ્રકાશકે અનેક પ્રમાણોથી વણીક જ્ઞાતિઓની પરિસ્થિતિ ઉપર પ્રકાશ સારો પાડયો છે. વૃદ્ધ શાખા--લઘુ શાખા તેજ દશા વીશા શ્રીમાલી જ્ઞાતિઓ છે એમ આ ગ્રંથમાં અનુમાનોથી જણાવવામાં આવે છે. તે અનુમાન માટે બીજા પ્રાચીન લેખો ગ્રંથો વગેરેના વધારે પુરાવાની જરૂર છે. લાડવા શ્રીમાળીની ઉત્પત્તિ દશા વીશામાંથી થઇ છે તેઓ લાટ દેશમાંથી આવેલ જેથી લાડવા શ્રીમાળી કહેવાય છે. તેમ બીજા વર્ણમાંથી બનેલી નથી એ શ્રીમાળી કોમના છે તે હકીકત શીલાલેખોના પ્રમાણો આપી આ ગ્રંથમાં સિદ્ધ કરવામાં આવી છે. તો તેની સાથે ખાવા ખવરાવવા અને વધારામાં કહીયે તો એક ધર્મ પાળનાર તરીકે દીકરી લેવા દેવા સંબંધ કરવો તે અયોગ્ય નથી. જુદા જુદા જ્ઞાતિભેદોને લઇ વ્યવહાર એક બીજાનો બંધ થવાને લઈને નાની નાની જ્ઞાતિઓને ઘણી હાની થઇ છે તે આ જમાનામાં ચાલી શકે તેવું નથી. જેથી એક ધર્મ પાળનાર શ્રીમાળી, ઓશવાળ, પોરવાડ વગેરે ગમે તે વણીક કોમ હોય તેની ઐકયતા વધારામાં ( તે મળી જવામાંજ ) ધર્મની, કોમની, દેશની આબાદિ છે.

આ ગ્રંથના લેખક વીશા દશાશ્રીમાળી જ્ઞાતિઓને નાશના મોઢામાંથી ઉગારવા માટે વિધવા વિવાહનો ચાલ કરવાની (બંન્ને જ્ઞાતિઓને) સુચના કરે છે, પરંતુ અમે તે વાત માની શકતાજ નથી. જ્ઞાતિઓની હાનિ અટકાવવા માટે તો એક ધર્મ પાળનારી વણીક કોઇપણ જ્ઞાતિ એકઠી મળી જાય, ખાવા ખવરાવવા દીકરી લેવા દેવાનો વ્યવહાર શરૂ કરી દે, કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધાવિવાહ વગેરે અટકાવે વ્યવહારિક રીત રીવાજ વગેરેમાંથી ખર્ચો ઓછો કરી નાંખે, સંપ રાખે અને જ્ઞાતિમાંથી ગરીબાઇ દુર કરવા ઉપાયો યોજે અને દરેક જ્ઞાતિ બંધુની ઉન્નતિ કેમ થાય તેને માટે કાળજી રાખે તોજ હાનિ થતી અટકે, સિવાય બીજા ઉપાયો હોઇ શકેજ નહીં. સાંસારિક ( વ્યવહારના ) બંધારણો જેમ સરલ, ઉદાર, ઓછા ખરચાળું તેમ તેમ જ્ઞાતિઓ લાંબા કાળ સુધી ટકી શકે છે. જેથી જ્ઞાતિઓની હાનિ થતી અટકાવવા ઉપરના ઉપાયો યોગ્ય છે એમ અમારો અભિપ્રાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે તે ઉપકાર સાથે સ્વીકારીએ છીયે.

૧ આચારાંગસૂત્ર ભાષાંતર ભાગ ૧ લો શ્રીમાન્ મોહનલાલજી જૈનશ્વે૦ જ્ઞાન ભંડાર સુરત તરફથી.

૨ સુબોધ પદ્યરત્નાવલી મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ તરફથી ચેવલા દક્ષીણ.

૩ શ્રી સુકતમુકતાવળી–મુનિરાજ શ્રીકર્પૂરવિજયજી મહારાજ તરફથી.

## પંન્યાસજી શ્રી મણિવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

કારતક શુદ ૩ બુધવારના રોજ ત્રાપજ ગામમાં માત્ર પાંચ સાત દિવસની સામાન્ય બીમારી ભોગવી પંન્યાસજી શ્રીમણિવિજયજી મહારાજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી પૂજ્યપાદ શ્રીમાન્ મુનિમહારાજ નીતિવિજયજી મહારાજના શિષ્ય હતા. આગમ વગેરેના સારા અભ્યાસી હતા. ઇંગ્રેજી ભાષાનું જ્ઞાન મેળવેલું હોવાથી ઇંગ્લીશ સારા સારા ગ્રંથોનું પણ અધ્યયન કર્યું હતું. તેઓશ્રીના સ્વર્ગવાસથી એક વિદ્વાન મુનિમહારાજની ખોટ પડી છે. અમો તે માટે દીલગીર છીયે. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

## વોરા અમરચંદ જસરાજનો સ્વર્ગવાસ.

શહેર ભાવનગરના અગ્રગણ્ય ગણાતા શેઠ અમરચંદ જસરાજ વોરા શુમારે ૬૫ વર્ષની ઉંમરે માત્ર પાંચ દિવસની તાવની બીમારી ભોગવી આસો વદી ૧૩ શુક્રવારના રોજ રાત્રિના પંચત્વ પામ્યા છે. તેઓ ધર્મ ઉપર શ્રદ્ધાવાળા દેવગુરૂની ભક્તિ કરનારા હતા. સાધુ સાધ્વી મહારાજોને જ્યારે ખપ હોય ત્યારે ભક્તિ નિમિત્તે આહાર, પાણી, ઔષધ વગેરે નિર્દોષ વસ્તુ તેમને ત્યાં રહેતી હોવાથી વહોરાવી લાભ લેતા હતા. ઘણા વર્ષો સુધી ધાર્મિક કાર્યોમાં યથાશક્તિ મુખ્યપણે ભાગ લીધો હતો. ધાર્મિક સંસ્કાર બાળવયથી પડેલા હોવાથી અંતઃસમય સુધી તે સંસ્કારના બળથી પરમાત્માનું સ્મરણ થયા કર્યું હતું. વ્રત, પચ્ચખાણ વગેરે આચારી ક્રિયા કરતાં પરમાત્માના સ્મરણપૂર્વક દેહવિલિન થયા હતા. અમો તેમના કુટુંબને દિલાસો આપવા સાથે તેમના પુત્રો, જમાનાને અનુસરી શ્રીસંઘસેવા–કોમસેવા કરવા પ્રયત્નશીલ થાય એમ સુચના કરીએ છીએ. છેવટે સ્વર્ગવાસીના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી

# જૈન આત્માનંદ સભા—ભાવનગર.

તરફથી

## પ્રસિદ્ધ થયેલા ગ્રંથોનું

# સૂચિપત્ર.

વીર સંવત્ ૨૪૪૮. આત્મ સંવત્ ૨૬. કાર્તિક માસ.

( ઉપરાંત જૈન ધર્મના તમામ જાતના ગ્રંથો, નકશાઓ, તીર્થો અને મુનિરાજોના ફોટોગ્રાફ્સ ( છબીઓ ) આ સભાની ઑફીસમાંથી વેચાણ મળી શકશે. નફો જ્ઞાન ખાતામાંજ વપરાય છે, માટે કોઇપણ ગ્રંથ આ સભામાંથીજ મંગાવવા વિનંતિ છે.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री जैन आत्मानंद सभा—भावनगर तरफथी अत्यार सुधीमां प्रसिद्ध थयेला ग्रंथोनुं सूचिपत्र.

आ सभा तरफथी द्रव्यानुयोग, कथानुयोग, प्रकरणो, ऐतिहासिक, गणितानुयोग, आगमो, साहित्य वगेरेनां मूळ एकंदर नाना मोटा लगभग एकसो उपरांत पुस्तको प्रगट थयेला छे. जेमां संस्कृत, मागधीभाषाना अभ्यासीयोने माटे मूळ, टीका—अवचूरि वगेरे संस्कृत मागधी भाषामां बहार पडेला छे अने गुजराती भाषाना अभ्यासीओने माटे मूळ टीका साथे भाषांतर तथा एकला भाषांतरना पण खास उपयोगी ग्रंथो प्रसिद्ध थयेल छे; जे तमाम वांचवालायक अने घरना श्रृंगाररुप होइ लाइब्रेरीने पण शोभा आपे तेवा छे, प्रथम संस्कृत ग्रंथनुं अने पाछळ गुजराती भाषाना ग्रंथोनुं लिस्ट आपवामां आवेल छे.

आ सिवाय केटलाक जैन ऐतिहासिक ग्रंथो पण हालमां प्रसिद्ध थयेला छे अने केटलाक तैयार थाय छे; जे ग्रंथो मूळ संस्कृतमां अने केटलाक गुजराती, हिंदी अने आखा ग्रंथोनो सारांश अने विस्तारथी, प्रस्तावना हिंदी भाषामां प्रकट करवामां आवे छे, जेथी तेनो दरेक लाभ लइ शके तेवुं छे. आ ऐतिहासिक ग्रंथनी महत्वता अने उपयोगीपणा माटे अनेक जैन अने जैनेतर विद्वान गृहस्थो तेमज आपणा मुनिराजो तरफथी उंचा अभिप्राय मलेला छे, जे अभिप्रायो अमारा तरफथी प्रसिद्ध थता मासिकमां आवे छे अने ते ग्रंथनुं लीष्ट पण आ साथे छे.

## संस्कृत—मागधी मूळ, टीका अने अवचूरिना ग्रंथो.

| | | | | | |
|---|---|---|---|---|---|
| नंबर. × | १ | समवसरण स्तवः अवचूरि.... | .... | ... | ०—१—० |
| × | २ | क्षुल्लक भवावलि प्रकरण ... | ,, | .... | ०—१—० |
| × | ३ | लोकनालिका द्वात्रिंशिका .... | ,, | .... | ०—२—० |
| × | ४ | योनि स्तवः .... ... | ,, | .... | ०—१—० |
| × | ५ | काल सप्ततिका. .... | ,, | .... | ०—१—६ |
| × | ६ | देह स्थिति, स्तव—लघ्वल्प—बहुत्व, | ,, | .... | ०—१—० |
| × | ७ | सिद्ध दंडिका स्तवः .... | ,, | .... | ०—१—० |

× आवी निशानी वाळा ग्रंथ सीलीकमां नथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | | |
|---|---|---|---|---|
| × | ८ | कायस्थिति स्तोत्रं .... ,, .... | | ०—२—० |
| × | ९ | भावप्रकरण स्वोपज्ञअवचूरि.... .... .... | | ०—२—० |
| × | १० | नव तत्त्व प्रकरण भाष्य विवरण. .... .... | | ०-१२-० |
| × | ११ | विचार पंचाशिका ... .... अवचूरि .... | | ०—२—० |
| ※ | १२ | बंधषट्त्रिंशिका, .... .... ,, .... | | ०—२—० |
| × | १३ | परमाणुखंड, पुद्गल, निगोद, षट् त्रिंशिका वृत्ति. | | ०—३—० |
| ※ | १४ | श्रावकव्रतभंग प्रकरण ... अवचूरि .... | | ०—३—० |
| ※ | १५ | देववंदन, गुरुवंदन-प्रत्याख्यान भाष्य ,, .... | | ०—८—० |
| × | १६ | सिद्धपंचाशिका. .... ... ,, .... | | ०—२—० |
| ※ | १७ | अन्नाय उंच्छकुलकम् वृत्ति ... .... | | ०—२—० |
| × | १८ | विचार सप्ततिका..... .... अवचूरि .... | | ०—३—० |
| | १९ | अल्प बहुत्व गार्भित महावीर स्तवन; तथा महादंडकस्तोत्र. ... .... .... | | ०—२—० |
| ※ | २० | पंचसुत्रम्. ( सटीक. ).... .... | | ०—८—० |
| × | २१ | जंबुस्वामी चरित्र. .... .... | | ०—४—० |
| × | २२ | रत्नपाल नृपकथा ... .... | | ०—५—० |
| | २३ | सुक्तरत्नावली .... .... .... | | ०—४—० |
| | २४ | मेघदूत समस्यालेख ... .... | | ०—४—० |
| | २५ | चेतोदूत. .... ... .... | | ०—४—० |
| × | २६ | पर्युषणाष्टाह्निका व्याख्यान .... .... | | ०—६—० |
| | २७ | चंपकमाला कथा .... .... ... | | ०—६—० |
| | २८ | सम्यक्त्व कौमुदी .... ... ... | | ०-१२-० |
| × | २९ | श्राद्धगुण विवरण.... .... .... | | १—०—० |
| × | ३० | धर्मरत्न प्रकरण .... सटीक .... | | ०-१२-० |
| × | ३१ | श्री कल्पसूत्र ....(सुबोधिका)... ... | | ०—०—० |
| × | ३२ | श्री उत्तराध्ययन सूत्र सटीक | | ५—०—० |

※ आवी निशानी वाळा ग्रंथो सिलिकमां थोडा छे.

× आवी निशानी वाळा ग्रंथो सिलिकमां बीलकुल नथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| × | ३३ | उपदेश सप्ततिका .... ... .... | ०-१३-० |
| | ३४ | कुमारपाळ प्रबंध .... .... .... | १-०-० |
| × | ३५ | आचारोपदेश. ... ... ... | ०-३-० |
| | ३६ | रोहिणी अशोकचंद्र कथा .... ... | ०-२-० |
| | ३७ | गुरुगुणषट्त्रिंशिका....दीपिका वृत्ति साथे ... | ०-१०-० |
| × | ३८ | ज्ञानसार अष्टक (ज्ञान मंजरी टीका) .... | १-४-० |
| | ३९ | समयसार प्रकरण ....( स्वोपज्ञ टीका ) .... | ०-१०-० |
| * | ४० | सुकृतसागर.... ... ... .... | ०-१२-० |
| | ४१ | धम्मिल कथा .... .... .... | ०-२-० |
| | ४२ | प्रतिमा शतक... ( लघुवृत्ति ) .... .... | ०-८-० |
| | ४३ | धन्य कथानक .... .... .... | ०-२-० |
| | ४४ | चतुर्विंशति जिन स्तुति संग्रह .... ... | ०-५-० |
| | ४५ | रोहिणेय कथा .... .... .... | ०-२-० |
| | ४६ | श्री लघुक्षेत्रसमासप्रकरणस्वोपज्ञ विवरण समेत. | १-०-० |
| | ४७ | श्री बृहत संघयणी .... .... .... | २-८-० |
| | ४८ | ,, श्राद्धविधि .... .... .... | २-८-० |
| | ४९ | ,, षड्दर्शन समुच्चय.... .... .... | ३-०-० |
| | ५० | ,, पंच संग्रह प्रथम भाग. .... ... | ३-८-० |
| | ५१ | ,, सुकृत संकीर्तनम् .... .... | ०-१२-० |
| | ५२ | प्राचीन चार कर्मग्रंथ सटीक ... .... | २-८-० |
| | ५३ | संबोधासित्तरी....व्याख्या समेत ... | ०-१०-० |
| | ५४ | कुवलयमाळा कथा.... .... .... | १-८-० |
| | ५५ | सामाचारी प्रकरणं, आराधक विराधक चतुर्भङ्गी प्रकरण. स्वोपज्ञ वृत्ति समेत..... .... | ०-१०-० |
| | ५६ | करुणावज्रायुध नाटक.... .... .... | ०-४-० |
| | ५७ | कुमारपाळ चरित्र महाकाव्यम्.... .... | ०-१०-० |
| | ५८ | महावीर चरियम् .... .... ... | १-०-० |
| | ५९ | कौमुदी मित्रानंद नाटक .... .... | ०-८-० |
| | ६० | प्रबुध रोहिणेय नाटक .... .... | ०-६-० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | | |
|---|---|---|---|---|
| ६१ | धर्माभ्युदय | .... | .... | ०–६–० |
| ६२ | पंच निर्गंथी.... | ... | ... | ०–८–० |
| ६३ | रयणशेहरी कथा.... | .... | .... | ०–८–० |
| ६४ | सिद्धप्राभृतसटीकम्... | ... | .... | ०–१०–० |
| ६५ | दान प्रदीप .... | .... | .... | २–०–० |
| ६६ | बंध हेतुदयत्रीभंगी .... | .... | .... | ०–१२–० |
| ६७ | धर्म परीक्षा .... | ... | .... | ०–१२–० |
| ६८ | सप्ततिसत् स्थान प्रकरणम् | .... | ... | १–०–० |
| | श्रीउपासक दशांग सूत्र. | .... | .... | ०–६–० |
| | चैत्यवंदन महाभाष्य. | .... | .... | १–०–० |
| | कल्पसूत्र ( कीरणावली टीका ) | | .... | |

# छपातां अने छपाववा माटे तैयार थतां ग्रंथो.

१ सुमुख नृपादिमित्र चतुष्क कथा. ....
२ जैन मेघदूत सटीक. .... .... ....
३ षट्स्थानक सटीक. .... .... ....
४ विज्ञप्ति संग्रह. .... .... ....
५ संस्तारक प्रकीर्णक सटीक. .... ....
६ श्रावकधर्म विधि प्रकरण टीका. .... ....
७ विजयचंद केवळी चरित्र प्राकृत. .... ....
८ लिंगानुशासन स्वोपज्ञ..... .... ....
९ धातु पारायण. .... .... ....
१० श्री मंडलप्रकरण. .... .... ....
११ गुरुतत्त्व विनिश्चय. .... .... ...
१२ पातांजल योगदर्शन. ( योगविंशिका सहित )....
१३ प्रश्नोत्तर पद्धति. .... .... ....
१४ श्रीनंदीसूत्र. .... .... .... ....
७३ श्रीअंतगड दशांग सूत्र..... .... ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# छपायेला परचुरण संस्कृत ग्रंथो.

प्रकरण संग्रह (सिंदूर प्रकरण, तत्त्वार्थधिगम अने गुणस्थान क्रमारोह) ०—४—०

१ मेरु त्रयोदशी कथा. .... .... .... ०—४—०

२ श्री सुसढ चरित्र. .... .... ... ०—२—०

३ श्री सुदर्शना चरित्र ( प्रथम भाग ) .... ... ०—६—०

४ जल्प मंजरी. ... .... .... ०—२—०

५ जैन व्रतक्रिया विधि. .... .... .... ०—०—०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# छपायेला जैन ऐतिहासिक ग्रंथो.

( श्रीमान् प्रवर्तकजी श्री कान्तिविजयजी ग्रंथमाळा )

| | | | |
|---|---|---|---|
| | १ विज्ञप्ति त्रिवेणी.... | .... .... | १—०—० |
| × | २ कृपा रसकोष .... | .... ... | १—०—० |
| × | ३ श्री शत्रुंजयतिर्थोद्धार प्रबंध | .... .... | १—०—० |
| × | ४ प्राचीन जैन लेख संग्रह भाग १ लो. | .... | १—०—० |
| | ५ द्रौपदी स्वयंवर नाटक | .... .... | ०—४—० |

# छपातां तथा तैयार थतां ग्रंथो.

१ पटवाना संघनो इतिहास. ( हिन्दी ) .... ....

२ विज्ञप्ति संग्रह. ... .... ....

३ जगडुचरित्र. ( संस्कृत हिन्दी ) .... ....

४ कर्मचंद्रप्रबंध. ,, .... .... ....

५ विजयदेव महात्म्य. ,, .... .... ....

६ प्राचीन जैन लेखसंग्रह संस्कृत—गुजराती. .... ....

७ जैन ऐतिहासिक गूर्जर काव्य संचय.... .... ....

८ जैनग्रंथ प्रशस्ति संग्रह. संस्कृत—गुजराती .... ....

९ जैन ऐतिहासिक गूर्जर रास संग्रह.... .... ....

१० प्राचीन जैन लेख संग्रह द्वितीय भाग .... ...

× आ निशानवाळा ग्रंथोनी नकल शीलकमां नथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# छपायेला गुजराती भाषाना पुस्तको.

गुजराती भाषाना अभ्यासीओ माटे नीचेना पुस्तको खास खरीदवानी अने वांचवानी अमारी नम्र सुचना छे, जे ग्रंथो ज्ञाननी वृद्धि थवा साथे खानगी अने जाहेर पुस्तकालयने पण शुशोभित बनावे छे.

| | | |
|---|---|---|
| ×१ | श्री जैन तत्वादर्श ( शास्त्री ) .... .... | ४—०—० |
| ×२ | अज्ञान तिमिर भास्कर ( हिंदी ) .... .... | २—८—० |
| ३ | धर्मबिन्दु ग्रंथ. मूळ टीका अने भाषांतर साथे .... | २—८—० |
| ४ | आत्मप्रबोध ग्रंथ. ( शास्त्री ) .... .... | २—८—० |
| ×५ | ध्यान विचार. ( गुजराती ) .... .... | ०—३—० |
| ६ | प्रकरण संग्रह. .... ... .... | ०—४—० |
| ७ | श्रावक कल्पतरु ( गुजराती ) .... .... जेमां श्रावकना बार व्रतनुं स्वरुप तथा अगीयार पडिमानुं स्वरुप बतावबामां आवेल छे. | ०—६—० |
| × ८ | आत्मोन्नति. .... .... .... .... | ०-१०-० |
| ९ | प्रकरण पुष्पमाळा. मूळ अने भाषांतर साथे .... | ०—६—० |
| ×१० | विविध पुजासंग्रह श्रीमद् विजयानंदसूरी ( आत्मारामजी ) तथा मुनिराजश्री वल्लभविजयजी महाराज कृत तमाम | ०—८—० |
| ११ | जैनधर्म विषयिक प्रश्नोत्तर ( शास्त्री ) .... .... | ०—८—० |
| १२ | कुमारविहार शतक मूळ अवचूरि अने भाषांतर साथे (शास्त्री) | १—४—० |
| +१३ | देवसीराई प्रतिक्रमण (अर्थ साथे ) ( शास्त्री गुजराती ) | ०—३—० |
| १४ | हंसविनोद ( शास्त्री ) .... .... .... | ०-१२-० |
| १५ | प्रश्नोत्तर पुष्पमाळा (शास्त्री) .... .... .... | ०-१४-० |
| १६ | नव तत्त्वनो सुंदर बोध, मूळ, अवचूरि अने भाषांतर सहित ( शास्त्री गुजराती ).... | ०-१०-० |
| १७ | आत्मवल्लभ स्तवनावली ( शास्त्री ) .... .... | ०—६—० |
| १८ | जीवविचार वृत्ति, मूळ, अवचूरि अने भाषांतर सहित | ०—६—० |
| १९ | दंडक विचारवृत्ति ,, .... .... | ०—८—० |

× आ निशानीवाळा ग्रंथोनी जुज नकल शीलकमां छे.

* आ निशानीवाळा ग्रंथो शीलकमां बीलकुल नथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| २० | नयमार्ग दर्शक. ( गुजराती ) सात नयनुं स्वरुप .... | ०-१२-० |
| २१ | जैन तत्त्वसार. मूळ, तथा भाषांतर ( शास्त्री गुजराती ) ( जैनतत्त्वज्ञाननुं सरल अने सुंदर स्वरुप आपवामां आवेल छे. ) | ०—६—० |
| २२ | सदर भाषांतर शास्त्री.... .... .... | ०—२—० |
| २३ | मोक्षपद सोपान . ,, गुणस्थाननुं स्वरुप .... | ०-१२-० |
| २४ | जंबुस्वामि चरित्र. ( गुजराती ) .... .... जे एक संपूर्ण अलंकारीक अने सुंदर रचना छे. | ०—८—० |
| २५ | नवाणुं प्रकारी पूजा. ( अर्थ साथे ) शास्त्री गुजराती .... | ०—४=० |
| २६ | जैन ग्रंथ गाइड ( गुजराती ) .... .... | १—०—० |
| २७ | तपोरत्न महोदधि भाग १—२ तमाम तप विधि साथे ( पत्रकारे शास्त्री ).... .... .... | ०—८—० |
| २८ | विविध पूजा संग्रह ( नवी आवृत्ति ) .... .... | ०—८—० |
| २९ | श्री सम्यक्त्व स्तव मूळ तथा भाषांतर (शास्त्री गुजराती ) | ०—४—० |
| ३० | श्री श्राद्धगुण विवरण (गुजराती) ( जेमां मार्गानुसारिना पांत्रीश गुणनुं वर्णन सुंदर कथाओ सहित आपवामां आवेल छे. श्रावकोपयोगी खास ग्रंथ छे.) .... .... | १—८—० |
| ३१ | चंपकमाळा चरित्र ,,.... .... .... | ०—८—० |
| × ३२ | कुमारपाळ चरित्र ( हिंदि ) | ०—०—० |
| × ३३ | श्री सम्यक्त्व कौमुदी. ,, ( जेमां सम्यक्त्वनुं विस्तारथी स्वरुप अनेक सुंदर कथाओ सहित आपवामां आवेल छे जे खास वांचवा लायक छे. ).... .... .... | १—०—० |
| ३४ | प्रकरण पुष्पमाळा. बीजुं रत्न (परमाणु, पुद्गल, निगोद छत्रिशी) ( मूळ टीका अने भाषांतर साथे शास्त्री तथा गुजराती ) | ०—८—० |
| ३५ | श्री अनुयोगद्वार सूत्रनो संक्षिप्त सारांश. (गुजराती) .... | ०—४—० |
| ३६ | अध्यात्ममत परीक्षा ( गूजराती ) .... .... | ०—४—० |
| ३७ | गरुगुण छत्रीशी भाषांतर. .... .... .... | ०—६—० |

× आ निशानीवाळा ग्रंथोनी जूज नकल शीलकमां छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | | | |
|---|---|---|---|---|---|
| ३८ | श्री शत्रुंज्य तीर्थ स्तवनावळी. | .... | .... | .... | ०–५–० |
| ३९ | श्री आत्मकान्ति प्रकाश. | .... | .... | .... | ०–६–० |
| ४० | ज्ञानामृत काव्यकुंज (ज्ञानसार अष्टक गद्य, पद्य, अनुवाद सहीत) | | | | ०-१२-० |
| ४१ | देव भक्तिमाळा प्रकरण .... | | .... | .... | १–०–० |
| ४२ | श्री उपदेश सप्ततिका भाषांतर.... | | .... | .... | |

## छपाता ग्रंथो.

| | | | | |
|---|---|---|---|---|
| गुणमाळा ( भाषांतर ) | | .... | .... | .... |
| श्री विमलनाथ चरित्र भाषांतर .... | | | .... | .... |
| दानप्रदीप | ,, | .... | .... | .... |
| संबोध सित्तरी | ,, | .... | .... | .... |
| धर्मरत्न प्रकरण. | ,, | .... | .... | .... |
| चैत्यवंदन महाभाष्य (भाषांतर).... | | | .... | .... |
| नवतत्त्व भाष्य ( भाषांतर ) | | .... | .... | .... |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अन्य ग्रंथो.

| | | |
|---|---|---|
| श्री पर्युषणाष्टान्हिक व्याख्यान ( भाषांतर साथे | ०—८—० | श्री आ० वी० सभाना |
| श्रीपाळ चरित्र .... .... | ०—४—० | |
| गांगेयभंग प्रकरणम्.... .... .... | ०—४—० | |
| मृगांकचरित्रम्.... .... .... | ०—४—० | |
| नयोपदेश.... .... .... .... | १—०—० | |

## अन्य ग्रंथो.

| | |
|---|---|
| सिद्धांत मुक्तावली. .... .... .... | ०—४—० |
| प्रमेयरत्नकोष. .... .... .... | ०—८—० |
| तत्त्वनिर्णय प्रासाद. .... .... .... | ५—०—० |
| सत्तर भेदी पूजा ( हारमोनियमना नोटेसन सारीगम साथे दशयवि धर्म वगेरे पूजा पन्यासजी श्री गंभीरविजयजी महाराज कृत | ०—४—० |
| जैन मत वृक्ष. .... .... .... | ०—८—० |
| जैन भानु. .... .... .... | ०—८—० |
| विशेष निर्णय. .... .... .... | ०—४—० |
| विमल विनोद. .... .... .... | ०—८—० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

जैन कोममां अति फेलावा साथे प्रख्याति पामेलुं आ मासिक आ सभा तरफथी ओगणीश वर्ष थया दर मासे प्रगट करवामां आवे छे, जेमां आवतां धार्मिक, व्यवहारिक अने नैतिक संबंधी उत्तम लेखोथी आपणी कोममां नीकळता मासिकोमां प्रथम पंक्ति धरावे छे, दर वर्षे तेना ग्राहकोने वांचननो व्हाळो लाभ आपवा साथे, वर्ष पूर्ण थतां पहेलां नवीन द्रव्यानुयोग वगेरे विषयोथी भरपुर एक उत्तम ग्रंथ सुंदर बाइन्डींगथी अलंकृत भेट आपवामां आवे छे; के जेवी भेटनी बुक बीजा कोइपण मासिक आपतुं नथी. हालमां तेनुं ओगणीसमुं वर्ष चाले छे. गुरुभक्ति निमित्ते नीकळता आ मासिकनी ग्राहकोनी बहोळी संख्या तेज तेनी उत्तमतानो पुरावो छे. तेनुं कद मोटुं करवामां आव्युं छे. तेमज बीजा मासिकोनुं लवाजम वधारवामां आव्युं छतां आ सभाए समाजने वांचननो बहोळो लाभ सस्ती किंमते आपवानी उदार भावनाने लइ वार्षिक रु. १-०-० पोस्टेज चार आना राखवामां आवेल छे. तेना प्रमाणमां लाभ विशेष छे. नफो ज्ञान खातामां वपराय छे. जेथी दरेक जैन बंधुओए तेना ग्राहक थइ अवश्य लाभ लेवा चुकवुं नहि.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત.

## શ્રી અધ્યાત્મ મતપરિક્ષાગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર. )

સતરમાં સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતા તેવા જીવોને ઉપકાર કરવા નિમિતેજ આ આધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્વના સ્વીકારનેજ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી તેની પરિક્ષા કરીને ગ્રહણ કરવું જોઇએ તેજ આ ગ્રંથમાં બતાવવામાં આવેલ છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ; એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવ અધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ ક્યારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે ! ત્યારબાદ જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે તેવા નામ અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવ અધ્યાત્મજ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન શ્રીમાન્ ગ્રંથકર્તાએ અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ. ૦–૮–૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.


## અમારી સભાનું જ્ઞાનોધ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૫ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૬ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમના ધર્મપત્નિબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી.
૭ ષટ્સ્થાનક સટીક.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૧૦ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૧૧ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૧૨ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૩ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૪ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૫ ધાતુ પારાયણ.
૧૬ શ્રી નંદીસૂત્ર–શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા. સાથે બુહારીવાળાશેઠમોતીચંદસુરચંદ તરફથી
૧૭ શ્રી મંડલપ્રકરણ શાહ ઉજમશી માણેકચંદ ભાવનગરવાળા તરફથી.
૧૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોધાવાળા, હાલ મુંબઇ.
૧૯ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા–નવસારી.
૨૦ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૨૧ દાનપ્રદીપ ,,
૨૨ સંબોધ સિત્તરી ,,
૨૩ ધર્મરત્ન ,,
૨૪ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)
૨૫ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
નંબર ૨૦–૨૧–૨૩–૨૪–૨૫ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.
૨૬ પ્રશ્નોત્તર પદ્ધતિ.
૨૭ પાતાંજલ યોગદર્શન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદ્વાક્યો.

૧ દૃઢ આત્મ-વિશ્વાસવડેજ મનુષત્વ વખણાય છે અને શુદ્ધ ચારિત્રબળ તેમાં વધારો કરે છે. આત્મશ્રદ્ધા સાથે શુદ્ધ ચારિત્ર્યવાળા સદ્ગુણી મહાશયો સ્વપરને ખરો વાસ્તવિક લાભ કરી શકે છે.

૨ અન્યને ઠગવા જતાં, પહેલાં પોતાનોજ આત્મા ઠગાય છે. સામો તો ઠગાય કે ન પણ ઠગાય. પણ ખાડો ખોદે તે તો અવશ્ય પડેજ. સામાનું પુન્ય પ્રબળ હોય તો તેને કશુંએ ન થાય. પરંતુ પાપી તો પાપના ખાડામાં પડેજ.

૩ ધંધારોજગારમાં ધાર્મિક વૃત્તિ અને ધર્મમાં ધંધારોજગારના જેવી નિયમબદ્ધતા તથા ખંત દાખલ થવાં જોઇએ.

૪ જો તમારે શિખર ઉપર પહોંચવું હોય તો તલસ્પર્શી થવા પ્રયત્ન કરો.

૫ ખરા ઉદ્યોગી માણસો જમીન ઉપર ઘર બાંધે છે અને તરંગી માણસ હવામાં કિલ્લા બાંધે છે.

૬ તમે જે કામ ઉત્તમોત્તમ રીતે કરી શકતા હો તેનેજ તમારૂં જીવન-બળ-ઉત્સાહ સર્વસ્વ અર્પણ કરો. જીવનમાં માત્ર એકજ ખરી નિષ્ફળતા શક્ય છે અને તે આપણે જે કામ જાણતા હોઇએ તે કામ ઉત્તમ રીતે ન કરીએ એ છે.

૭ સફળતા મળે યા ન મળે, યશ મળે યા અપયશ મળે તો પણ સહુએ પોતપોતાનું કર્તવ્ય તો કરવુંજ જોઇએ. ખંત ભર્યા પ્રયત્ન (અભ્યાસ) થી ઘણુંજ સરસ કામ બની શકે છે.

૮ એક મહાન ઉદ્દેશ સાધવાની મંગલકામના એજ જીવનનું સૌન્દર્ય તથા સુખ છે.

૯ હિંમત ધારણ કર અને પસંદ કરેલા માર્ગથી લેશ પણ ચલિત થા નહીં. ફળ આપોઆપ થશે.

૧૦ કરવા ધારેલા કામનું મનમાં એક ઉત્તમ ચિત્ર પાકા રંગથી અંકિત થાય ત્યારેજ કામ કરો, તે પહેલાં અવલોકન, અભ્યાસ અને સૌથી વિશેષ વિચાર કરો.

૧૧ (દૃઢ) નિશ્ચય કરો એટલે તમે (ગમે તેવા દુઃખ-કષ્ટમાંથી) મુક્ત થશો.

૧૨ ઢીલી 'હા' કહેવા કરતાં મજબૂત મનથી ખરી 'ના' કહેવી અધિક હિતકારક થવા પામે.

૧૩ ખરો વખત વહી ગયા પછી અને સામર્થ્ય નષ્ટ થયા પછી વૃદ્ધાવસ્થામાં જીવન-ક્રમ ફેરવી શકાવો મુશ્કેલ છે. તેથીજ પાણી પહેલાં પાળ બાંધી લેવી સારી છે.

૧૪ સાવધતાપૂર્વક વિચાર કર, અથવા નિશ્ચયપૂર્વક કાર્ય કર; માનપૂર્વક તાબે થા, અથવા દૃઢતાપૂર્વક સામો થા. આ સિદ્ધાન્તનો ઠીક ઉપયોગ કરવામાંજ ડહાપણ રહ્યું છે.

૧૫ સત્વર કરવાનું હોય ત્યારે 'જો' અને 'પરંતુ' એ શબ્દો નિરૂપયોગી જેવા છે.

૧૬ જે માણસો મહાન-દૃઢતાને માટે પ્રસિદ્ધ હોય છે તેમનાં શરીર પણ ઘણે ભાગે દૃઢ અને મજબૂત હોય છે. જેનું શરીર અતિ દૃઢ હોય છે તે પ્રાયઃ અતિ નિશ્ચયવાન હોય છે.

૧૭ વિલંબ એ સાહસિકતા, પ્રગતિ અને સફળતાનો શત્રુ છે એ કાયમ યાદ રહેવું જોઇએ. નકામા વાયદા-કાળ વિલંબ કર્યા કરવાથી ઘણીવાર કામ વિણસે છે. માત્ર કાર્યદક્ષતાથી તે સુધરે છે. ઇતિશમ્.

ભાગ્યના સૃષ્ટાઓમાંથી.

For Private And Personal Use Only